CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

CMYK

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક-૧૧૦, અંકઃ ૧૫૬, વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ(૮), શુક્રવાર તા.૨૧-૦૨-૨૦૨૫, પાના- ૮, કિંમત રૂા.૧-૫૦ પૈસા

# નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ રજૂ કર્યું

## રાજકોષીય ખાદ્ય અને જાહેર દેવું રાષ્ટ્રીય સ્તરે ન્યૂનતમ રાખવા સાથે ગુજરાતે સતત ઊંચો આર્થીક વિકાસ દર જાળવી રાખ્યો છેઃ નાણામંત્રી



ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભા સત્રનો આજે બીજો દિવસ હોત. ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઇ દેસાઈ ૨૦ ફેબ્રુઆરીના રોજ એટલે આજે વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યુ છે. આજે નાણામંત્રી કનુ દેસાઈએ સતત ચોથી વખત બજેટ રજૂ કર્યુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે માટે ૩,૭૦,૨૫૦.૩૫ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ સાથે પાછલા વર્ષની સરખામણીમાં ૩૭,૭૮૫ કરોડ જેટલું વધારે છે. બજેટના પ્રારંભમાં તેમણે જણાવ્યુ છે કે, વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાના પ્રણેતા અને આત્મનિર્ભર ભારતના સ્વપ્રદ્રષ્ટા એવા ગુજરાતના પનોતાપુત્ર અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી વાર ભારતનું સુકાન સંભાળવા બદલ માનનીય મુખ્યમંત્રી અને ગુજરાતની સમગ્ર જનતા વતી હું અભિનંદન પાઠવું છું. આ સાથે તેમણે વડાપ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને સાકાર કરવા માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર વિકસિત ગુજરાત ૨૦૪૭ની પરિકલ્પનાને સિદ્ધ કરવા કટિબદ્ધ છે. આ સાથે તેમણે મહિલા, ખેડૂત, યુવાન, ગરીબ, શ્રમિક તથા અન્ય અનેક ક્ષેત્રો અંગે મહત્ત્વની જાહેરાત કરી છે.

રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વિધાનસભા ગૃહમાં રાજયનું વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યુ છે. રૂ.૩.૭૦ લાખ કરોડનું બજેટ રાજ્યની જનતા માટે અનેક યોજનાઓ અને લાભ લઈને આવ્યું છે. નાણામંત્રીએ મધ્યમવર્ગ, ખેડૂત, વિદ્યાર્થીઓ તેમજ મહિલાઓ અને બેરોજગાર યુવાવર્ગને ભેટ આપી છે. નાણામંત્રીએ બજેટ રજૂ કરતા ખેડૂતો માટે મહત્વની જાહેરાત કરી છે. જેમાં ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે કિસાન સૂર્યોદય યોજનાનો અમલ, ૯૭ ટકા ગામોમાં દિવસે વીજળી મળી રહી છે, યોજનાને વધુ સુદ્રઢ કરવા માટે ૨૧૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

કનુભાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સંવેદના સભર ''પઢાઈ ભી, પોષણ ભી''ના ધ્યેયને સાકાર કરવા ''મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના''ની ડિસેમ્બર-૨૦૨૪થી શરૂઆત કરવામાં આવેલ હોય જેમાં ૩૨,૨૭૭ શાળાઓના ૪૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળતા હોય જેના માટે આ બજેટમાં કુલ ૬૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

બાળકોના પોષણ અને વિકાસને સુદ્રઢ કરવા આંગણવાડીઓની ભૌતિક સુવિધામાં વધારો કરવા સરકારે નિર્ણય કર્યો છે. તેને વધુ કાર્યક્ષમ બનાવવા આંગણવાડી યોજના માટે ૨૭૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

શ્રમિકોને નજીવા દરે ભોજન મળી રહે તે હેતુથી ''શ્રમિક અન્નપૂર્ણા યોજના'' હેઠળ ૨૯૦ કેન્દ્રો કાર્યરત છે. જરૂરિયાત પ્રમાણે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ ઔદ્યોગિક વિસ્તારમાં અને બાંધકામ વિસ્તારમાં વધારવામાં આવશે. શ્રમિકોને કામના સ્થળની નજીક પાયાની સુવિધાઓ સાથે રહેઠાણની વ્યવસ્થા મળી રહે તે હેતુથી ''મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના'' માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ એમએસએમઈને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો છે. જેમાં સ્જીસ્ઈ અને સ્ટાર્ટઅપની વિવિધ યોજનાઓ માટે ૩૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે. ટેક્સટાઈલ નીતિના કારણે ૫ લાખ લોકોને રોજગાર મળશે. વધુમાં ગુજરાત ટેક્સટાઈલ પોલિસી થકી વિવિધ સહાયો માટે બે હજાર કરોડ રૂપિયાની ફાળવણી

નાણામંત્રીએ દિવ્યાંગજનો માટે સંત સુખદાસ યોજનાની જાહેરાત કરી છે. જેમાં ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને આવરી લેવામાં આવશે. આ યોજના હેઠળ ૮૫ હજારથી વધુ દિવ્યાંગજનોને વાર્ષિક ૧૨ હજાર રૂપિયાની સહાય આપવાની જોગવાઈ છે.

નાણામંત્રીએ સરકારી આવસને વેગ આપવા પર ફોકસ કર્યુ છે. ગુજરાતના ગરીબો માટે ત્રણ લાખ આવાસ બનાવવાની જાહેરાત કરી છે. શ્રમિક બસેરા યોજના હેઠળ રૂ. ૨૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી છે. આવાસ ખરીદવા પર સરકાર ૧.૭૦ લાખ રૂપિયા સબસિડી આપશે.

ગુજરાતની શિક્ષણ પદ્ધતિ ૨૧મી સદીની આવશ્યકતાઓ અને વૈશ્વિક બજારની માંગ અનુસાર બદલાઈ રહી છે. ટેકનોલોજી, ઈનોવેશન અને કુશળતા વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગત્યનો ભાગ ભજવશે.મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઈ.

રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત રાજયમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડની જોગવાઈ. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૨૫૦ કરોડની જોગવાઈ. એસ.ટી.નિગમની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન માટે ૨૨૩ કરોડની જોગવાઈ.

સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૨૨ હજાર કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.

મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ હેઠળ અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૧૦૦ કરોડની જોગવાઈ.

મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અંતર્ગત અંદાજે ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે ૭૦ કરોડની જોગવાઈ.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત અંદાજે ૭૮ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા ૪૧૦ કરોડની જોગવાઈ.

એલ.ડી.ઈજનેરી કોલેજ-અમદાવાદ ખાતે ડેમોન્સ્ટ્રેટીવ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબ અને અન્ય ૭ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબની સ્થાપના માટે ૧૭૫ કરોડની જોગવાઈ. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના(CMSS) અંતર્ગત ૨૫૦૦ વિદ્યાર્થીઓને સહાય આપવા ૩૨ કરોડની જોગવાઈ.

વિદ્યાર્થીઓ ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર, ફિનટેક, એરોસ્પેસ વગેરે વિષયોમાં કૌશલ્ય વિકાસ થકી આગામી સમયમાં ઉદ્‌ભવનાર તકનો લાભ મેળવી શકે તે હેતુથી ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (GIT) માટે ૧૦૦ કરોડની જોગવાઈ.

રાજયનો વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ અને સ્પર્ધાત્મક બને તે માટે ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ અંતર્ગત ૩૦ કરોડની જોગવાઈ.

અમદાવાદના i-Hubની તર્જ પર રાજ્યમાં ૦૪ પ્રાદેશિક કેન્દ્રોની સ્થાપનાનું આયોજન઼ -ઉૅહ્વ મારફતે સ્ટાર્ટઅપ્સ-ઈનોવેટર્સને નાણાકીય સહાય માટે ૨૫ કરોડની જોગવાઈ. શોધ યોજના અંતર્ગત પી.એચ.ડી. કોર્સમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય માટે ૨૦ કરોડની જોગવાઈ.

NAAC અને NIRF રેન્કિંગમાં સારા પ્રદર્શન હેતુ પાંચ કાર્યરત સરકારી કોલેજોના વર્ગખંડોને સ્માર્ટ ક્લાસરૂમ બનાવવા માટે ૮ કરોડની જોગવાઈ.

રાજ્ય સરકાર વર્ષ ૨૦૩૦ સુધીમાં માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ૫૦% ઘટાડાના ધ્યેય સાથે રાજ્યના તમામ લોકોની આરોગ્ય અને સુખાકારી વધુ મજબૂત બનાવવા કાર્યશીલ છે. જે માટે હું આ વિભાગના ૨૦,૧૦૦ કરોડના બજેટમાં ૧૬.૩૫%નો વધારો કરી ૨૩,૩૮૫ કરોડની જોગવાઈ સૂચવું છું.

વર્ષ ૨૦૨૩-૨૪ના નીતિ આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ ર્ઁહ્વ ૐૈૅક્ષ્ટ્વઁર ક્રહહ્વ ઊંર્ક્ષ્ટ્વ મૈહષ્ઠ (જીઙ્ઘય્ હઙ્ઘીટ ર્દ્બ.૩) માં ગુજરાતે દેશના તમામ રાજ્યોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૭૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો, ગરીબ અને મધ્યમ વર્ગના એમ કુલ મળી અંદાજે ૨ કરોડ ૬૭ લાખ લોકોને કેશલેસ સારવાર માટે ૩૬૭૬ કરોડની જોગવાઈ.

આરોગ્ય સુવિધાઓના સુદ્રઢીકરણ તેમજ બિનચેપી રોગો અને અન્ય જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ હેતુ રાજ્ય સરકાર દ્વારા વર્લ્ડ બેંકના સહકારથી શરૂ કરાયેલ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ માટે ૪૦૦ કરોડની જોગવાઈ.

અમદાવાદની જેમ મેડીસિટી પ્રકારની ઝોનવાઈઝ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાના અમારા નિર્ધાર અન્વયે વડોદરા ખાતે મલ્ટી સ્પેશિયાલિટી તેમજ કાર્ડિયાક માટેની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિર્માણાધીન છે. તે ઉપરાંત સુરત ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ;

(અનુ.બીજા પાને)




CMYK CMYK

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

# યુદ્ધ વિમાનના પૂરવઠામાં ઠાગાઠૈયા

બીજા વિશ્વયદ્ધમાં બ્રિટનની નૈયા પાર લગાવનારા વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે સ્વતંત્રતા અને સંપ્રભુતા પ્રત્યે જાગૃત પોતાના દેશને એક અણમોલ સંદેશ આપ્યો હતો, 'જે ઈતિહાસમાંથી કશું નથી શીખતા, તેમની નિયતિ હોય છે ઈતિહાસને દોહરાવવો.' ભારત પણ પોતાના સૈન્ય ઈતિહાસના બે પાઠ ક્યારેય ભૂલાવી ન શકે. પહેલો ૧૯૬૨ના ચીનના હુમલામાં મળેલી કારમી હાર અને બીજો ૧૯૭૧ના ભારત - પાકિસ્તાન યુદ્ધમાં અભૂતપૂર્વ વિજયનો. આ બંને અવસરો પર દેશના શીર્ષ નેતૃત્વને સશસ્ત્ર સેનાઓ દ્વારા કેટલાક અપ્રિય સંદેશ મળ્યા હતા. ચીની હુમલામાં અઢી વર્ષ પહેલાં ૧૯૬૦માં લેફ્ટનન્ટ જનરલ થોરાટે મેકમેહોન લાઈન પર સંભવિત ચીની આક્રમણની ચેતવણી આપીને કહ્યું હતું કે ભારતમાં આવા આક્રમણનો સામનો કરવાની ક્ષમતા નથી. વર્ષ ૧૯૬૧માં સેનાએ એવી ચેતવણી ફરીથી આપી, પરંતુ તત્કાલીન રક્ષા મંત્રી કૃષ્ણ મેનન અને પંચશીલ સિદ્ધાંતોના રાગમાં ગુલતાન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ તેને નકારી દીધી. સત્તાધીશોની આ ઘાતક બેફિકરાઈનું પરિણામ સર્વવિદિત છે.

૧૯૭૧માં ભારતીય સેનાએ પાકિસ્તાનના અઠ્ઠાણું હજાર સૈનિકોનું આત્મસમર્પણ કરાવીને નવો ઈતિહાસ રચી દીધો. તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી પાકિસ્તાન વિરુદ્ધ ફેબ્રુઆરી-માર્ચ, ૧૯૭૧માં જ યુદ્ધ કરવા માગતાં હતાં, પરંતુ તત્કાલીન ખુશ્કીદળના જનરલ સામ માણેકશોએ અનોખી ઈમાનદારી અને સાહસ સાથે વડાપ્રધાનને જણાવ્યું કે તેઓ આ યુદ્ધ માટે તૈયાર નથી અને યુદ્ધ લડશે તો જીત સુનિશ્ચિત કર્યા બાદ. વડાપ્રધાને માણેકશોની એ વાત માની લીધી. ડિસેમ્બર, ૧૯૭૧માં એ સલાહથી મળેલા સુખદ પરિણામને પણ દોહરાવવાની જરૂર નથી. આ બંને શિખામણોના સંદર્ભમાં વર્તમાન વાયુસેનાધ્યક્ષ એર ચીફ માર્શલ અમૃતપ્રીત સિંહે સ્પષ્ટ શબ્દોમાં સરકારનું ધ્યાન વાયુસેનાની કમજોર કડીઓ તરફ ખેંચ્યું છે. આ કમજોર કડીઓ છે યુદ્ધ વિમાનોની ચિંતાજનક અછત અને તેના માટે જવાબદાર સરકારી ક્ષેત્રની કંપની હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ)ની કાચબાછાપ ગતિ. આ ભારત સરકારનું એક જાહેર સાહસ છે, જેની સ્થાપના ૧૯૪૦માં થઈ અને ૧૯૬૪માં કંપનીને આ નામ આપવામાં આવ્યું.

અસલમાં તાજેતરમાં જ બેંગલુરુમાં થયેલ એરો-ઈન્ડિયા પ્રદર્શનમાં એક વિમાનનું ટેસ્ટિંગ કરતાં વાયુસેના અધ્યક્ષ એચએએલના અધિકારીઓને એમ કહેતાં સાંભળવા મળ્યા કે તેમને સરકારી માલિકીની આ કંપની પર ભરોસો નથી. સમય પર વિમાનોની ડિલીવરી નહીં આપી શકવાના પોતાના ખરાબ ટ્રેક રેકોર્ડને કારણે તેમણે હિંદુસ્તાન એરોનોટિક્સની મજાક ઉડાવી અને તેને મિશન મોડ પર નહિ હોવાનો આરોપ લગાવ્યો. વાયુસેનાધ્યક્ષ વસ્તુતઃ તેજસ એમકે-૧એ ફાઈટર જેટની સમયસર ડિલીવીર સુનિશ્ચિત કરી શકવામાં એચએએલની નિષ્ફળતાથી નારાજ હતા. વાયુસેનાધ્યક્ષની કડક ટિપ્પણી બાદ એચએએલ પ્રબંધને તરત પ્રતિક્રિયા આપતાં કહ્યું કે જે ટેકનિકલ સમસ્યાઓ હતી તે દૂર કરી લેવામાં આવી છે અને હવે જલ્દી તેજસ વિમાનની ડિલીવરી શરૂ થઈ જશે.

ઉલ્લેખનીય છે કે એચએએલે ૨૦૨૫માં ભારતીય વાયુસેનાને ૧૬ એલસીએ એમકે-૧એ જેટ વિમાન આપવાનો વાયદો કર્યો છે, જેમાં ૨૦૨૯ સુધી કુલ ૮૩ જેટ હશે. વાયુસેનાધ્યક્ષની કડક ટિપ્પણી બાદ એચએએલની કોઈપણ સફાઈનો કશો મતલબ નથી. અનેક વિશેષજ્ઞોએ વાયુસેનાધ્યક્ષના ક્ષોભને વાજબી ગણાવતાં કહ્યું કે કેટલીય વાર વિમાનોની અકુશળતાની કિંમત પાયલટોએ ચૂકવવી પડે છે. એચએએલની કાર્યકુશળતા પર ગંભીર સવાલ ઉઠાવતાં વાયુસેનાધ્યક્ષે જણાવ્યું કે પાકિસ્તાન અને ચીનના બેવડા મોરચે યદ્ધ એ ભારતીય વાયુસેના માટે સંકટપૂર્ણ રહેશે, જેની પાસે જરૂરી ૪૨ સ્ક્વોડ્રનને બદલે માત્ર ૩૧ ફાઈટર જેટ સ્ક્વોડ્રન છે. ઉડતા તાબૂતના નામે કુખ્યાત જૂનાં મિગ-૨૧ અને મિગ-૨૩ વિમાનોનું સ્થાન લેવા માટે જે આધુનિક સુપરસોનિક હળવા યુદ્ધ વિમાન (લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ)ની પરિકલ્પના ૧૯૮૦માં કરવામાં આવી હતી, એચએએલે તેનું પહેલું વ્યાવહારિક સ્વરૂપ ૨૦૧૧માં રજૂ કર્યું હતું! પરંત તેનું અંતિમ ઓપરેશનલ ક્લિયરન્સ તે ૨૦૧૯ પહેલાં ન આપી શકી. પછી એચએએલે ૨૦૨૦ સુધી ૪૦ તેજસ વિમાન વાયુસેનાને સોંપવા અને તેજસનું ઉત્કૃષ્ટ સંસ્કરણ તેજસ માર્ક-૧એ રૂપે આપવાનો વાયદો કર્યો.

# રાજકોટમાં માલધારી ફાટક પાસે ટ્રેનની ઠોકરે સાળા- બનેવીના મોત

## તરુણ કાનમાં હેન્ડ્સ ફ્રી ભરાવી જતો હતો ત્યારે ટ્રેન આવી ચડતા બનેવીએ સાળાને બચાવવા દોટ મૂકતા બન્નેના મોતથી પરિવારમા શોક

રાજકોટ તા.૨૦

રાજકોટ શહેર માલધારી ફાટક પાસે મોબાઇલમાં મશગુલ ૧૨ વર્ષનો તરુણ કાનમાં હેન્ડ્સ ફ્રી કરાવી જતો હતો ત્યારે અચાનક ટ્રેન આવી ચડતા બનેવીએ સાળાને બચાવવા દોટ મૂકી હતી. પરંતુ કમનસીબે સાળો બનેવી બન્ને ટ્રેનની ઠોકરે ચડી જતા બંનેના કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા. સાળા બનેવીના મોતથી બંને પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. બંનેના મૃતદેહને વતનમાં લઈ જવામાં આવ્યા છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કોઠારીયા વિસ્તારમાં આવેલા ગુલાબનગરમાં રહેતા બાબુ હરીન્દ્ર બેજરાજ ઉર્ફે વંશરાજ નામનો ૧૨ વર્ષનો તરુણ અને તેના બનેવી અંગનું રામસરવે સોનકર (ઉ.વ.૨૮) સાંજના છએક વાગ્યાના અરસામાં માલધારી ફાટક પાસે હતા. ત્યારે પોરબંદરથી રાજકોટ આવતી ટ્રેનની ઠોકરે ચડી ગયા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા અંગનું રામસરવે સોનકરનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ૧૨ વર્ષના તરુણને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તરુણે હોસ્પિટલના બિછાને દમ તોડી દીધો હતો. સાળા બનેવીના મોતથી શ્રમિક પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી સાળા બનેવીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યા હતા.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક બાબુ હરીન્દર બે ભાઈ ચાર બહેનમાં નાનો હતો જ્યારે અંગનુ રામ સરવે સોનકર ચાર ભાઈ બે બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં ત્રણ પુત્રી છે અને છેલ્લા સાત વર્ષથી અંગનુ રામ સરવે સોનકર રાજકોટમાં સળિયા કટીંગનું કામ કરે છે. ગઈ કાલે ૧૨ વર્ષનો તરુણ બાબુ હરીન્દર સોનકર કાનમાં હેન્ડ્સ ફ્રી ભરાવી મોબાઇલમાં મશગુલ હતો અને માલધારી ફાટક પાસે જઈ રહ્યો હતો તે દરમિયાન અચાનક ટ્રેન આવી જતા અંગનુ રામસરવે સોનકર સાળાને બચાવવા દોડીયો હતો પરંતુ કમનસીબે સાળા બનેવીનું ટ્રેનની ઠોકરે ચડી જતા મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. પરિવાર દ્વારા બંનેના મૃતદેહને ઉત્તરપ્રદેશ ખાતે વતનમાં લઈ જવામાં આવ્યા છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલામાં આડા સંબંધની આશંકાએ પતિએ પત્નીનુ ઢીમ ઢાળી દીધું

## ૩૨ વર્ષીય પત્નીને છરીના આઠ ઘા ઝીંકી દેનાર પતિ પોલીસના સકંજામાં, ચાર સંતાનો નિરાધાર

રાજકોટ તા.૨૦

સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામે આડા સંબંધની આશંકાએ એક ૩૨ વર્ષીય પરિણિતાની ગઇ મધરાતે તેના પતિએ તિક્ષણ હથિયારના આઠ ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી નાખી હતી. હત્યા બાદ પતિ ચાર સંતાનોને લઇ પોતાના ગામ પુંજાપાદર ચાલ્યો ગયો હતો. ઘટનાને પગલે પોલીસે મહિલાના પતિને ઝડપી લઇ પુછપરછ શરૂ કરી છે.

પતિના હાથે પત્નીની હત્યાની આ ઘટના સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામે ગઈરાત્રે બની હતી. જયાં આશાબેન પરેશભાઇ નિમાવત (ઉ.વ.૩૨) નામની પરિણિતાની તેના પતિ પરેશ નિમાવતે હત્યા કરી નાખી હતી. આડા સંબંધની શંકાએ માથાકુટ થતા પતિએ પત્નીના શરીર પર છરી જેવા તિક્ષણ હથિયારના ધડાધડ આઠ ઘા ઝીંકી દીધા હતા. જેને પગલે આશાબેન ઢળી પડયા હતા અને ઘટના સ્થળે જ તેનુ મોત થયુ હતુ.

પરેશભાઇ નિમાવત અને તેના પત્ની મુળ લીલીયા તાલુકાના પુંજાપાદર ગામના રહિશ છે અને છેલ્લા કેટલાક સમયથી સાવરકુંડલાના ખડકાળા ગામે રહેવા આવ્યા હતા. જયાં ગામના પટેલ સમાજ દ્વારા કોમ્યુનિટી કિચન શરૂ કરવામા આવ્યું હોય ત્યાં બંને રસોઇ બનાવવાનુ કામ કરતા હતા. ઘરે ઘરે ટીફીન પહોંચાડવાનુ કામ પણ કરતા હતા. તેઓ આ કોમ્યુનિટી કિચનમા જ રહેતા હતા. હત્યા બાદ પતિ પરેશ પોતાના ચાર સંતાનોને લઇ પુંજાપાદર ગામે ચાલ્યો ગયો હતો. ગામ લોકોને આશાબેનની લાશ રસોડામા પડી હોવાની જાણ થતા સાવરકુંડલા તાલુકા પોલીસને જાણ કરાઇ હતી. જેને પગલે પીઆઇ પી.એલ.ચૌધરી સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. અમરેલી એલસીબીની ટીમ પણ અહી દોડી ગઇ હતી. દરમિયાન પોલીસે પુંજાપાદર દોડી જઇ પરેશ નિમાવતને હસ્તગત કર્યો હોવાનુ પણ જાણવા મળેલ છે. મૃતક આશાબેનના પિતાએ પરેશ સામે સાવરકુંડલા તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલઃ બે માળનું મકાન ધસી પડતા ત્રણ દબાયા, પરિણીતાનું મોત

## ફાયર બ્રિગેડ સહિતનો કાફલો દોડી ગયો, માતા-પુત્રને બહાર કાઢી રેસ્ક્યુ

રાજકોટ તા.૨૦

ગોંડલનાં સહજાનંદનગર નગરમાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. જ્યાં બે માળનું મકાન ધસી પડતા દંપતી અને માતા એમ કુલ ત્રણ લોકો કાટમાળમાં દબાઈ ગયાના અહેવાલ સામે આવી રહ્યા છે જે પૈકી પરિણીતાનું મોત થઇ ગયાના અહેવાલ સામે આવી રહ્યા છે. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું. ઘટનાને પગલે રાજકીય આગેવાનો પણ દોડી ગયાં હતા. દુર્ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર ગોંડલના સહજાનંદમગરમાં ગરબીચોકથી આગળ કાટખુણા પર આવેલુ બે માળનું મકાન સવારે સાત વાગ્યા આસપાસ ધડાકાભેર ધરાશાઈ થઇ જતાં અફરાતફરી સર્જાઈ હતી. સવારના સમયે જયારે ઘટના બની ત્યારે મકાનમાં સુતેલા સુનિલભાઇ વરધાની, તેમના માતા નીતાબેન તથા પત્નિ ઉષાબેન કાટમાળ નીચે દબાઇ જવા પામ્યા હતા.

કાટમાળમાં દબાયેલા પરિવારને બહાર કાઢવા જેસીબી, ક્રેઇન, એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી દેવામાં આવ્યું હતું. કાટમાળમાં દબાઈ જનાર સુનિલભાઇ રેલ્વે સ્ટેશન ચોકમાં પાનની કેબીન ચલાવે છે.મકાનનું રિનોવેશન ચાલી રહ્યુ હતુ.તે દરમિયાન મકાન જમીનદોસ્ત બન્યુ હતુ. જેસીબી સહિત સાધનો દ્વારા કાટમાળ ખસેડી દબાઇ ગયેલા પરીવારને બહાર કાઢવા ઓપરેશન હાથ ધરાયુ છે અને દરમિયાન સુનિલભાઈના પત્ની ઉષાબેનનું મોત નીપજ્યાના અહેવાલ સામે આવી રહ્યા છે જયારે માતા-પુત્રને બહાર કાઢવા રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે.

# રાજકોટ સોશિયલ મીડિયાથી મિત્રતા કેળવી કિશોરીના ઘરમાં ઘુસી દુષ્કર્મ

## દેહ અભડાવનાર એકની ધરપકડ

રાજકોટ તા.૨૦

શહેરમાં ૧૫ વર્ષીય સગીરાનો સ્નેપચેટમાં સંપર્ક કરી મિત્રતા કેળવી ધવલ દાદુકીયા નામના શખ્સે ઘરમાં ઘુસી જાનથી મારી નાખવાની ધમકી આપી મુખમૈથુન કરાવી તેનો વિડીયો ઉતારી લીધો હતો. બાદમાં વધુ એકવાર ઘરે ઘુસી જઈ ધમકી આપી દુષ્કર્મ ગુજારી લીધું હતું. ગાંધીગ્રામ પોલીસે ધવલ દાદુકીયાની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સગીરાના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં લોહાનગરના રહેતા ધવલ સંજયભાઈ દાદુકીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમની પુત્રી ધો.-૧૧માં અભ્યાસ કરે છે તેની પાસે સીમકાર્ડ વિનાનો મોબાઈલ છે જેનો ઉપયોગ અભ્યાસ અર્થે કરવામાં આવે છે. દીકરાએ પુત્રીનો મોબાઇલ ચેક કરતા ઇસ્ટાગ્રામ નોટિફિકેશનમાં ધવલ ૩૦૨ નામની આઈડીમાંથી મેસેજ આવેલ હતો.

જેથી પુત્રએ આ સ્નેપચેટમાં ધવલ દાદુકીયાના આઇડીમાંથી આવેલ મેસેજ જોતા વીડીયો ધવલે મોકલ્યાનું સામે આવ્યું હતુ. પુત્રી પાસે શખ્સ મુખ મૈથુન કરાવતો હોય તેવો તદ્દન બિભત્સ વિડીયો જોતા પુત્રએ પિતાને વાત કરી હતી. બાદમાં પુત્રને પુત્રીની શાળાએ મોકલી પુત્રીને ઘરે બોલાવી લઇ સમગ્ર ઘટના અંગે પૂછતાં તેણે આપવીતી જણાવતા કહ્યું હતું કે,ધવલ દાદુકીયાને સાત મહિનાથી ઓળખું છું. હુ મારી પાસે રહેલ સીમ કાર્ડ વગરના મોબાઇલમા ઘરના બીજા મોબાઇલમાંથી વાઈ-ફાઈથી નેટ કનેક્ટ કરી યુ ટ્યુબ પર અભ્યાસના વીડીયો જોતી હોય અને આ ધવલની મને સ્નેપચેટ આઈડીમાથી ફ્રેંડ રિકવેસ્ટ આવેલ હતી. જેથી મે તેની રિકવેસ્ટ એક્સેપ્ટ કરેલ અને અમારા બન્ને વચ્ચે મોબાઇલમા વાતચીત ચાલુ થયેલ હતી. દરમિયાન ધવલ બે વખત મારી શાળાએ મને મળવા આવેલ હતો. ગઇ તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ જાનથી મારી નાખવાની ધમકી આપી મુખમૈથુન કરાવ્યું હતું અને આ બાબતની કોઈને જાણ કરતી નહીં તેમ કહી જતો રહ્યો હતો. બાદમાં તેણે મુખમૈથુનનો વિડીયો મારી જાણ બહાર ઉતારી લીધાનું ત્યારે જાણવા મળ્યું હતું કે તા.૦૭ના રોજ તેણે મને આ વિડીયો મોકલ્યો હતો. ત્યાર બાદ બીજીવાર તા. ૧૩ના રોજ સવારના આશરે સાડા દશેક વાગ્યાની આસપાસ આપણા ઘરે કોઇ હતું નહિ ત્યારે ધવલ ઘરે આવેલ અને મને શરીર સંબંધની માંગણી કરેલ અને મેં ના પાડતા તેને મને ધમકી આપી કે જો તુ મારી સાથે શરીર સંબંધ નહિ બાંધે તો હું તને મારી નાખીશ બાદમાં દુષ્કર્મ ગુજારી લીધો હતો અને ચાલ્યો ગયો હતો. ગાંધીગ્રામ પોલીસ મથકે પહોંચ્યા હતા. પોલીસે સગીરાના પિતાની ફરિયાદ પરથી ગુનો નોંધી તાત્કાલિક ધવલ સંજયભાઈ દાદુકીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટઃ ભેજાબાજોએ પગમાંથી રસી કાઢવાના બહાને વેપારી પાસેથી છ લાખ પડાવ્યા

## વાપી જતા દંપતી રસ્તામાં નાસ્તો કરવા ઉભા રહેતા બે શખ્સોએ ડો.જરીવાલાનું વિઝિટિંગ કાર્ડ આપ્યુંઃ દુખાવો ઉપડતા ફોન સ્વીચ આવતા ઠગાઈનો ભોગ બની ગયાનો અહેસાસ થયો

રાજકોટ :રાજકોટ શહેરમાં નકલી તબીબ બની ગઠીયાએ વૃદ્ધ દંપતીને પગના દુખાવાનો ઉપચાર કરવાના નામે રૂ. ૬ લાખની ઠગાઈ આચરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મામલામાં વૃદ્ધ વેપારીએ તાલુકા પોલીસમાં ત્રણ શખ્સોં વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મામલામાં કાલાવડ રોડ પર આવેલ આર કે પાર્કમાં રહેતા સવજીભાઈ હરીભાઈ પટેલ (ઉ.વ.-૭૦) નામના વૃદ્ધે તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં મહેશ્વરી, સંજય અગ્રવાલ અને ડો. જરીવાલાનું નામ આપતાં જણાવ્યું હતું તા.૨૪/૧૧/૨૦૨૪ના રોજ સવારના સાતેક વાગ્યા હું તથા મારા પત્નિ ગૌરીબેન અને મારા ડ્રાઇવર દીપકભાઈ ચૌહાણ અમારી કાર લઈને રાજકોટથી વાપી જતા હતા ત્યારે બપોરના દોઢેક વાગ્યા આસપાસ અમે જમવા માટે વડોદરાથી આગળ ગિરનાર હોટેલમા રોકાયેલ હતા. બાદમાં હોટેલમાંથી બહાર નિકળતા હતા ત્યારે મારા પત્નિ ગૌરીબેનને ઘુંટણમાં છેલ્લા ત્રણેક વર્ષથી દુખાવો થતો હોવાથી તેમને ચાલવામાં થોડી તકલીફ પડતી હોય જે જોઇને ત્યાં હોટેલ પર અજાણ્યો વ્યક્તિ અમારી પાસે આવેલ અને કહેવા લાગેલ કે સાહેબ બેનને ચાલવામાં તકલિફ છે? જેથી મેં કહેલ કે હા બે-ત્રણ વર્ષથી પગમાં દુઃખાવો થાય છે અને ચાલવામાં તકલીફ પડે છે. ત્યારે આ શખ્સે પોતાની ઓળખ મહેશ્વરી તરીકે આપી જણાવેલ કે, મુંબઈ ખાતે ડૉ. જરીવાલા છે જે આવા પગના દુઃખાવાનો ઉપચાર કરી આપે છે અને મેં પણ મારા બહેન તથા મારી માતાનો ડો.જરીવાલા પાસે ઉપચાર કરાવેલ હતો અને તેઓને સો ટકા સારૂ થઈ ગયેલ હતુ.

ડૉ. જરીવાલાનુ વિઝીટીંગ કાર્ડ અમારા ડ્રાઇવર દીપકભાઈ ચૌહાણના મોબાઈલ નંબર પર વોટ્સઅપમાં મોકલી આપેલ હતુ. બાદમાં ગત તા. ૨૭-૧૧-૨૦૨૪ના રોજ વાપીથી રાજકોટ પરત આવતા ભરૂચથી વડોદરા વચ્ચે આવેલ શિવકૃપા હોટેલ ખાતે નાસ્તો કરવા માટે રોકાયેલ હતા ત્યારે વધુ એક શખ્સે મારી પત્નીને જોઈ બેનને ઘૂંટણની તકલીફ છે? તેવું પૂછ્યું હતું અને પોતાની ઓળખાણ સંજયભાઈ અગ્રવાલ તરીકે આપી હતી અને તેણે પણ મુંબઈના તબીબ ડો. જરીવાલા અંગે વાત કરી હતી. દીકરી જયશ્રીબેન વ્યવસાયે ડૉક્ટર હોય તેઓ પણ અમારી સાથે હોય જેથી તેઓએ તેમના મોબાઈલ પરથી ડૉ. જરીવાલા સાથે રસ્તામાં ફોન પર વાતચીત કરેલ હતી. બાદમાં ગત તા. ૩૦/૧૧/૨૦૨૪ ના રોજ ડૉ. જરીવાલાનો મારા દીકરી જયશ્રીબેનને મોબાઈલ ફોન આવેલ કે તમારા માતાના ઘુંટણના દુખાવાનો ઇલાજ કરવા માટે અમે ઘરનું સરનામુ આ શખ્સને આપ્યું હતું. બીજા દિવસે તા.૦૧/૧૨/૨૦૨૪ના રોજ ડૉ. જરીવાલા અમારા ઘરે આવેલ હતા અને પત્નીના ઘુંટણ તપાસી કહેલ કે ઘુંટણમાં રસી થઇ ગયેલ છે જે રસી બહાર કાઢવી પડશે જેમાં રસીનું એક ટીપુ કાઢવાના રૂ.૮,૦૦૦ થશે ૮૦ ટીપાના રૂ.૮,૦૦૦ લેખે કુલ રુ.૬,૪૦,૦૦૦ થશે તેમ વાત કરેલ અને ત્યારબાદ અમોએ થોડુ વ્યાજબી કરી આપવાનું કહેતા તેણે રૂ. ૬ લાખ આપવાનું જણાવ્યું હતું. જેથી અમે રોકડા બે લાખ અને બાકીના ચાર લાખ બેક ખાતા મારફતે ટ્રાન્સફર કર્યા હતા. થોડા દીવસ મારા પત્ની ગૌરીબેનને ઘૂંટણમાં સારૂ રહેલ અને બાદમાં થોડા દીવસ બાદ ફરી દુ ખાવો શરૂ થઈ ગયેલ હોવાથી આ બાબતે જેથી મે ડૉ. જરીવાલાને અવાર નવાર ફોન કરેલ પરંતુ ફોન સ્વીચ ઓફ આવતો હોય જેથી અમોએ અમારી રીતે આ ડૉ. જરીવાલાના વિઝીટીંગ કાર્ડમા જણાવેલ સરનામે તપાસ કરાવતા તેવા નામવાળા કોઇ ડૉક્ટર નહીં હોવાનું જાણવા મળેલ હતું જેથી તેમની સાથે ઠગાઈ થઇ ગયાની જાણ થતાં તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# મનપા દ્વારા બાકીદારોની ૧૦ મિલ્કતો સીલઃ ૪૯.૬૨ લાખની રીકવરી

રાજકોટ, તા.૨૦

રાજકોટ મનપાના કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીવકરી ઝુંબેશ અંતર્ગત ૧૦ મિલ્કતોને સીલ મારેલ તથા ૫-મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા, ૪-મિલ્કતને નોટીસ સામે, ૧-નળ કનેકશન કપાત સામે રૂા.૪૯.૬૨ લાખની રીકવરી કરાઈ છે.

## સુડોકુ નં. ૧૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | 4 | | 7 | | | 2 |
| | | 7 | | | | 9 | | |
| | | | 8 | 3 | 5 | | | |
| 5 | | 6 | 7 | | 2 | 4 | | 1 |
| | | 9 | | | | 3 | | |
| 2 | | 1 | 9 | | 3 | 6 | | 7 |
| | | | 1 | 7 | 9 | | | |
| | | 5 | | | | 2 | | |
| 8 | | | 5 | | 6 | | | 3 |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧)દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨)દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩)પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪)શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

## સુડોકુ નં.૧૭૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 6 | 3 | 2 | 8 | 9 | 7 | 5 |
| 2 | 5 | 7 | 9 | 6 | 4 | 1 | 3 | 8 |
| 9 | 3 | 8 | 5 | 1 | 7 | 2 | 4 | 6 |
| 1 | 2 | 9 | 6 | 7 | 5 | 4 | 8 | 3 |
| 5 | 7 | 4 | 8 | 3 | 2 | 6 | 9 | 1 |
| 6 | 8 | 3 | 4 | 9 | 1 | 5 | 2 | 7 |
| 7 | 9 | 5 | 1 | 4 | 3 | 8 | 6 | 2 |
| 3 | 6 | 1 | 2 | 8 | 9 | 7 | 5 | 4 |
| 8 | 4 | 2 | 7 | 5 | 8 | 3 | 1 | 9 |

# આપની આજ...

મેષઃ આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે,

વૃષભઃ કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

મિથુનઃ ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

કર્કઃ કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

સિંહઃ ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યાઃ આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. જો તમે નોકરી અને ધંધામાં કેટલાક સકારાત્મક પગલા ભરો છો તો પછીથી માત્ર લાભ થશે, પરંતુ કામમાં નવી તાજગી પણ આવશે.

તુલાઃ આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધનઃ ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. આજે તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થશે.

મકરઃ આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

કુંભઃ વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મીનઃ આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ધસારાને લીધે તમે શારીરિક નબળાઇ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

## નાણામંત્રી કનુભાઈ દેસાઈ(પહેલા પાનાનું ચાલુ)

રાજકોટ ખાતે કેન્સર અને કાર્ડિયાક સેવાઓ; ગાંધીનગર ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ શરૂ કરવા ૨૩૧ કરોડની જોગવાઇ. કેન્સરના દર્દીઓને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ સુધી સારવાર લેવા ન આવવું પડે અને નજીકમાં સુવિધા ઉપલબ્ધ બને તે માટે વલસાડ, ગોધરા, હિંમતનગર અને પોરબંદર ખાતે સારવાર શરૂ કરવા ૧૯૮ કરોડની જોગવાઇ.

બી. જે. મેડીકલ કોલેજ-અમદાવાદ, મેડીકલ કોલેજ-વડોદરા અને એમ. પી. શાહ મેડીકલ કોલેજ-જામનગર ખાતે પી.જી.ના વિધાર્થીઓ માટે હોસ્ટેલનું બાંધકામ કરવા ૧૩૭ કરોડની જોગવાઇ.

સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા માટે ૧૦૦ કરોડની જોગવાઇ.

સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે તાત્કાલિક સારવારની સેવાઓ સુદ્રઢ કરવા ૫૨ કરોડની જોગવાઇ.

આદિજાતિ અને સામાન્ય વિસ્તારના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે સાધન સામગ્રી પૂરી પાડવા માટે ૫૨ કરોડની જોગવાઇ.

એમ્બ્યુલન્સની સુવિધા સુદ્રઢ બનાવવા માટે ૧૦૮ ઈમરજન્સી સેવા હેઠળ ૨૦૦ નવી એમ્બ્યુલન્સ માટે ૪૮ કરોડની જોગવાઇ.

સુરત અને વડોદરા ખાતે ગાયનેક, પિડીયાટ્રીક વિભાગ અને સંલગ્ન નિયોનેટલ આઈ.સી.યુ., ઓબ્સેટ્રેટિક આઈ. સી. યુ., ગાયનેક આઈ. સી. યુ. વગેરેની સેવાઓ તથા પિડીયાટ્રીક સર્જરી વિભાગ શરૂ કરવા માટે ૪૪ કરોડની જોગવાઇ.

નર્સિંગ કોલેજ, સુરત અને જામનગર ખાતે વિદ્યાર્થીનીઓ માટે ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ કરવા ૪૧ કરોડની જોગવાઇ.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર માટે ગાંધીનગર-અમદાવાદ ખાતે ખોરાક અને ઔષધના નમૂના તેમજ જુનાગઢ, મહેસાણા અને વલસાડ ખાતે ખોરાકના નમૂનાઓની ચકાસણી માટે આધુનિક પ્રયોગશાળા ઊભી કરવા ૨૮ કરોડની જોગવાઇ.

ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટીટયુટ, અમદાવાદ ખાતે સ્પાઈનલ સર્જરી, ઓક્યુપેશનલ થેરાપી અને પ્રોસ્થેટીક અને ઓર્થોટીક વિભાગોમાં શૈક્ષણિક હેતુ માટે ૧૦ કરોડની જોગવાઇ.

આયુષ સેવાઓ અદ્યતન બનાવવા સરકારી આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજ, હોસ્પિટલો તથા દવાખાનામાં તબીબી ઉપકરણો માટે વિશેષ જોગવાઇ કરવામાં આવી છે.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

### ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં ભાજપનું રાજ

# રેખા ગુપ્તાએ દિલ્હીના નવમાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

નવી દિલ્હી, તા. ૨૦

રેખા ગુપ્તાએ દિલ્હીના નવમા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ શપથ લેવડાવ્યા હતા. ભાજપ ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં પરત ફર્યું છે. આ અવસરે પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો હાજર રહ્યા હતા. રેખા ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી બનશે.




પ્રવેશ વર્મા સહિત છ લોકોએ મંત્રી તરીકે શપથ લીધા. આ યાદીમાં પંકજ સિંહ, આશિષ સૂદ, રવિન્દ્ર ઈન્દ્રરાજ, કપિલ મિશ્રા અને મનજિંદર સિંહ સિરસાનું નામ સામેલ છે. આજે મોડી સાંજ સુધીમાં મંત્રાલય અને તેનો ચાર્જ પણ સોંપવામાં આવી શકે છે. પંકજ સિંહ બિહારના રહેવાસી છે અને રાજપૂત ચહેરો છે. આ સિવાય રવિન્દ્ર ઈન્દ્રરાજ દલિત ચહેરો છે. ભાજપે કેબિનેટમાં તમામ વર્ગોને સ્થાન આપ્યું છે.

દિલ્હીના મુખ્યમંત્રીના શપથ ગ્રહણ કાર્યક્રમમાં પીએમ મોદી સહિત ઘણા મોટા નેતાઓ હાજર રહ્યા હતા. પીએમ મોદી ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસ, આંધ્રપ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુ, જેડીયુના કેન્દ્રીય મંત્રી લલન સિંહ, બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી પણ હાજર હતા. શપથ ગ્રહણ સમારોહ દરમિયાન NDA નેતાઓનો મેળાવડો જોવા મળ્યો હતો.

રેખા ગુપ્તા દિલ્હીના નવા મુખ્યમંત્રી બનશે. તે શાલીમાર બાગ બેઠક પરથી જીતીને ધારાસભ્ય બન્યા હતા. બુધવારે ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામને મંજૂરી આપવામાં આવી હતી. આવતીકાલે એટલે કે શુક્રવારે તે દિલ્હીના રામલીલા મેદાનમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. રેખા ગુપ્તા વ્યવસાયે વકીલ છે. આ સિવાય તેમની ગણતરી ભાજપના અગ્રણી નેતાઓમાં થાય છે. તેદિલ્હી ભાજપના મહાસચિવ અને ભાજપના મહિલા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ છે. રેખા ગુપ્તાનો જન્મ હરિયાણાના જીંદમાં થયો હતો, પરંતુ તેમણે તેમનું શિક્ષણ દિલ્હીમાં મેળવ્યું હતું.

# એકનાથ શિંદેને મળી જાનથી મારી નાખવાની ધમકી

મુંબઈ, તા.૨૦

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ છે. કોઈ અજાણ્યા વ્યક્તિએ મંત્રાલય, જે.જે.માર્ગ પોલીસ સ્ટેશન અને ગોરેગાંવ પોલીસને ઈ-મેઈલ મોકલી શિંદેની ગાડીને બોમ્બથી ઉડાવવાની ધમકી આપી છે. ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યા બાદ પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે અને ઈ-મેઈલ મોકલનાર વ્યક્તિને પકડી પાડવા તપાસ શરુ કરી દીધી છે.

વાસ્તવમાં દિલ્હીમાં આજે નવા મુખ્યમંત્રીનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો, જેમાં એકનાથ શિંદે પણ સામેલ થયા છે. ધમકી મળ્યા બાદ શિંદેની સુરક્ષા-વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. પોલીસે ધમકી આપનાર શખસને શોધવા તપાસ શરૂ કરી દીધી છે.

આ ઉપરાંત સુરક્ષા વ્યવસ્થા પર એલર્ટ મોડ પર આવી ગઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હોક્સ કૉલ (મેઈલ) છે. આ પહેલા જાન્યુઆરી-૨૦૨૫માં ૨૪ વર્ષના એક યુવકે એકનાથ શિંદેને જાનથી મારી નાખવા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ ઘટના બાદ થાણે અને શ્રીનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો, પછી પોલીસે આરોપીને પકડી પાડવા તપાસ શરૂ કરી દીધી હતી. આમ બે મહિનામાં બીજી વખત શિંદેને જાનથી મારવાની ધમકી મળી છે.

### જૌનપુરમાં દુર્ઘટના

# વારાણસીથી દર્શન કરીને પરત ફરી રહેલા ૯ શ્રદ્ધાળુના મૃત્યું

જૌનપુર, તા. ૨૦

ઉત્તર પ્રદેશના જૌનપુરમાંથી એક મોટો રોડ અકસ્માત થયો હોવાનું તાજેતરમાં જાણવા મળે છે. જૌનપુર જિલ્લાના બદલાપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા સરોખનપુર ગામ નજીક આજે વહેલી સવારે પાંચ વાગ્યે ભીષણ દુર્ઘટના થઈ ગઈ.

બે અલગ અલગ દુર્ઘટનામાં અયોધ્યા જઓઈ રહેલી ગાડીઓ દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ. તેમાં ૯ તીર્થયાત્રીઓના જીવ ગયા છે, જ્યારે ૪૦થી વધારે લોકો ઘાયલ થયા છે. સૂચના મળતા જ ડીએમ અને એસએસપી સહિત અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં.

પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, મહાકુંભ સ્નાન બાદ બે વાહન જૌનપુર રોડ પર દુર્ઘટનાનો શિકાર થઈ ગયા. આ દુર્ઘટનામાં બંને વાહનોમાં સવાર શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે. લગભગ ૪૦ લોકો ત્યાં ઘાયલ પણ થયા છે.

ઘાયલ લોકોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા છે. કહેવાય છે કે, ઝારખંડ નંબર પ્લેટવાળી ટાટા સૂમો શ્રદ્ધાળુઓને લઈને વારાણસીથી અયોધ્યા તરફ જઈ રહી હતી. જ્યાં સરોખનપુર પહોંચી તો એક વાહને જોરદાર ટક્કર મારી હતી. સૂમોમાં સવાર પાંચ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા છે. ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સૂચના મળતા ઘટનાસ્થળે પોલીસે ગામલોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલમાં પહોંચાડ્યા છે.

સૂમોમાં એક બાળક, એક પુરુષ અને ૩ મહિલા સહિત ૮ લોકો બેઠા હતા. તેમાંથી પાંચ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા છે. જ્યારે ત્રણ અન્ય લોકો ઘાયલ થયા છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા છે. સૂમોમાં સવાર તમામ લોકો ઝારખંડના રહેવાસીઓ હતાં. સૂમોની દુર્ઘટનાનું બચાવ કામ કર્યા બાદ પ્રશાસનિક ટીમ હજુ બેઠી નહોતી ત્યાં લગભગ અડધા કલાક બાદ ઘટનાસ્થળેથી સો મીટર દૂર શ્રદ્ધાળુઓથી ભરેલી બસ હાઈવે પર ઊભેલા એક ટ્રેલર પાછળ ઘુસી ગઈ. આ દુર્ઘટનામાં બસ ડ્રાઈવર અને ૩ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા છે, જેમાં ૩૫ લોકો ઘાયલ પણ થયા છે.

### UCC બાદ ઉત્તરાખંડનો વધુ એક મોટો નિર્ણય!

# હવે બહારના લોકો રાજ્યમાં નહીં ખરીદી શકે ખેતીલાયક જમીન

દેહરાદૂન, તા.૨૦

ઉત્તરાખંડમાં સતત વધતી જમીનની માંગ વચ્ચે પુષ્કર ધામી સરકારે મોટો નિર્ણય લીધો છે અને નવા જમીન કાયદાને મંજૂરી આપી દીધી છે. સંશોધિત ડ્રાફ્ટને વિધાનસભા સત્રમાં રજૂ કરવામાં આવશે, ત્યારબાદ રાજ્યના બહારના લોકો દેવભૂમિમાં ખેતી અને બાગાયત માટે જમીન નહીં ખરીદી શકે. ગત દાયકામાં આ રાજ્યમાં ખેતીની જમીનનો ઉપયોગ ખેતી સિવાયના અન્ય કામ માટે કરવામાં આવી રહ્યો હતો, ત્યારબાદ આ પ્રકારના કાયદાની માંગ ઊભી થઈ હતી.

નવા કાયદાથી શું ફેરફાર થશે?

વર્ષ ૨૦૧૮માં રાવત સરકારના બનાવવામાં આવેલાં જમીન કાયદાને રદ કરવામાં આવ્યો.

રાજ્યના ૧૧ જિલ્લામાં બહારના લોકો ખેતી અને બગાયત માટે જમીન નહીં લઈ શકે, તેમાં હરિદ્વાર અને ઉદમ સિંહ નગરનો સમાવેશ કરાયો નથી.

પર્વતીય વિસ્તારોમાં જમીન પર નવા સ્તરે વાત થશે.

જિલ્લા મજિસ્ટ્રેટ જમીન ખરીદવા પર મહોર નહીં લગાવી શકે.

જમીનના ખરીદ-વેચાણ માટે ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવશે જેથી ડેટા વ્યવસ્થિત રહે.

પોર્ટલથી એ વિશે પણ જાણ થશે કે, ક્યાંય કોઈ ગડબડ તો નથી થઈ રહી.

બહારના લોકોએ જમીન ખરીદવા માટે એફિડેવિટ આપવું પડશે અને હેતું જણાવવો પડશે.

જો કોઈ જમીનનો નિયમ તોડીને ખરીદ-વેચાણ કરવામાં આવશે તો સરકાર તેનો કબ્જો લઈ શકે છે. પર્વતીય વિસ્તાર હોવાના કારણે અહીં ખેતી એટલી સરળ નથી. અમુક જ એવા વિસ્તાર છે, જ્યાં પાક ઉગાડી શકય છે, તે પણ સીઢીદાર ટેક્નિક દ્વારા. એવામાં ફળદ્રુપ જમીન પર હોટેલ બનવાથી રાજ્ય પાસે પાકની કમી થવા લાગી છે. રાજ્ય બન્યું ત્યારે અહીં લગભગ ૭.૭૦ લાખ હેક્ટર જમીન ખેતી લાયક હતી અને બે દાયકામાં આ ઘટીને ૫.૬૮ લાખ હેક્ટર રહી ગઈ છે. અનેક ગોટાળા પણ થયાં છે. જેમ કે, ટિહરીમાં ખેડૂતોને મળતી જમીન પર લેન્ડ માફિયાએ ગેરકાયદે રૂપે હોટેલ અને રિઝોર્ટ બનાવી દીધા છે. જંગલોમાં પણ આ ધંધો શરૂ થઈ ગયો છે.

### ભારે પવન સાથે કરા પડવાની શક્યતા

# દેશના ૧૪ રાજ્યોમાં પડી શકે છે વરસાદ: હવામાન વિભાગ

નવી દિલ્હી, તા. ૨૦

દેશના ૧૪ રાજ્યોમાં આગામી ત્રણ દિવસ દરમ્યાન વરસાદનો રાઉન્ડ જોવા મળી શકે છે. દિલ્હીમાં આજે વરસાદ પણ થઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, કેટલાય રાજ્યોમાં ગર્જના સાથે હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ થઈ શકે છે. અમુક વિસ્તારમાં કરા પણ પડી શકે છે. તો વળી ભારે હવાઓ પણ ચાલવાની સંભાવનાઓ છે.

હવામાન વિભાગ તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર, આગામી ૨૪ કલાક દરમ્યાન દેશના કેટલાય રાજ્યોમાં હળવાથી મધ્યમ સ્તરનો વરસાદ થવાની સંભાવના છે.

અમુક જગ્યા પર તો ભારે વરસાદ પણ થઈ શકે છે. તેની સાથે જ કેટલીય જગ્યા પર કરા પણ પડી શકે છે. ૨૦,૨૨ અને ૨૩ ફેબ્રુઆરીના રોજ બિહાર અને ગંગાના તટીય પશ્ચિમ બંગાળમાં ભારે હવાઓની સાથે તોફાન, વીજળીની સાથએ મધ્યમ વર્ષાની સંભાવના છે.

આ ઉપરાંત ઝારખંડ, ઓડિશા, પંજાબ, હરિયાણા, ચંડીગઢમાં ભારે પવન સાથે વીજળી અને છુટકથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. ૨૦ તારીખથી ઉત્તર પ્રદેશમાં હળવો વરસાદ પણ થઈ શકે છે.

હવામાન વિભાગે ૨૪ ફેબ્રુઆરીથઈ એક નવો પશ્ચિમી વિક્ષોભ ઉત્તર પશ્ચિમ ભારતને પ્રભાવિત કરવાની સંભાવના છએ. તેના પ્રભાવમાં ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ જમ્મુ કાશ્મીર-લદ્દાખ-ગિલગિટ બાલ્ટિસ્તાન મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાંમધ્યમ વરસાદ/ બરફવર્ષા થઈ શકે છે.

૨૦ અને ૨૩ ફેબ્રુઆરી સુધી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વરસાદ થવાની આશા છે. અહીં ભારે હવાઓ ફેંકાઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જમ્મુ કાશ્મીર, બિહાર, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અમુક જગ્યા પર દિવસના તાપમાનમાં ૧-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. હરિયાણા, આસામ અને મેઘાલય, પશ્ચિમ મધ્ય પ્રદેશ, તમિલનાડૂ, પુડુચેરી અને કરાઈકલમાં અલગ અલગ જગ્યા પર પણ તાપમાનમાં વધારો જોવા મળ્યો છે. તો વળી ઓડિશામાં અમુક જગ્યા પર તે ૧-૩ ડિગ્રી સુધી નીચે ગયું છે.

બિહાર, ઝારખંડ અને નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં અલગ અલગ સ્થાન પર તાપમાન સામાન્યથી ઉપર રહ્યું છે. જમ્મુ કાશ્મીર, પૂર્વી મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં અલગ અલગ જગ્યા પર તાપમાન ૧-૪ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે.

# ૨૨,૦૦૦થી વધુ શિક્ષકની ભરતીનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજ્યના ૨૦૨૫-૨૬ના બજેટમાં સરકારી નોકરીઓને લઈને મોટા આયોજનને લઈને જાહેરાત કરવામાં આવી હતી. જેથી સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ગુજરાતના યુવાનોનું સરકારી નોકરીનું સપનું સાકાર થતું જોવા મળી રહ્યું છે. જેમાં સરકાર દ્વારા આગામી સમયમાં ૨૨,૦૦૦થી વધુ શિક્ષકની ભરતી કરવાનું આયોજન છે, જ્યારે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને અસરકારક બનાવવા માટે જીઈં, બિન હથિયારી અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ વગેરે સંવર્ગની ૧૪ હજારથી વધુ ભરતી કરવાનું આયોજન છે.

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ બજેટ રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત ૨૨,૦૦૦ કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. તો બીજી તરફ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫ની ૫૦૦૦ જગ્યાઓ, ધોરણ ૬થી ૮ની ૭૦૦૦ જગ્યાઓ અને અન્ય માધ્યમની ૧૮૫૨ જગ્યાઓ એમ કુલ ૧૩૮૫૨ જગ્યાઓ ભરવા વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેની કામચલાઉ મેરિટ યાદી આજે બપોરે ૩:૩૦ વાગે પ્રસિદ્ધ કરવામાં આવશે. આ કામ ચલાઉ યાદી ર્ૈજ:// દૃજહ્વ.દ્બીઙ્મેદ્બટ્ઠિં.હ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. - મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સઅંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૫૦૦૦થી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- નમો લક્ષ્મી યોજના માટે ૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. - રાઈટ ટુ એજ્યુકેશન ઍક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને સહાય માટે ૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- એસ.ટી. નિગમની બસોમાં મુસાફરી કરતાં વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન માટે ૨૨૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- જ્ઞાનશક્તિ રેસિડેન્સીયલ સ્કૂલ્સ ઑફ એક્સલન્સ માટે ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત ૨૨,૦૦૦ કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવશે. - મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ હેઠળ અંદાજે ૭૫,૦૦૦ વિદ્યાર્થીઓને સહાય માટે ૧૦૦કરોડની જોગવાઈ. - મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અંતર્ગત અંદાજે ૯૦,૦૦૦ વિદ્યાર્થીઓને સહાય માટે ૭૦ કરોડની જોગવાઈ.

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કાયદો અને વ્યસ્થાની કથળતી સ્થિતિના ઉદાહરણ સામે આવ્યા છે. એવામાં ગુનાખોરી ઘટાડવા માટે ગુજરાત રાજ્યના ૨૦૨૫-૨૬ના બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ બજેટ રજૂ કરતાં સમયે નાગિરકોની સુરક્ષા અને સલામતી માટે ખાસ જોગવાઈ અને નવી પોલીસ ભરતી માટે મહત્ત્વની જાહેરાત કરી છે.

# મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજનામાં કુલ ૪૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈએ આજે (૨૦મી ફેબ્રુઆરી) ગુજરાતનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. આ બજેટમાં ખેડૂતો અને પશુપાલન માટે વિશેષ જાહેરાત અને જોગવાઈ કરવામાં આવી હતી. જેમાં સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ જેમ કે, દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના, બકરા એકમની સ્થાપના, મરઘાપાલન, પશુઓ માટે કેટલ શેડ અને ખાણદાણ માટેની સહાયનો મહત્તમ લાભ પશુપાલકોને મળશે. ગૌચરના રક્ષણ માટે ફેન્સીંગ તથા તેમાં ઘાસચારાનું વાવેતર થઈ શકે તે માટે ડ્રીપ ઈરીગેશન વ્યવસ્થા કરવામાં આવશે. ગૌશાળાઓને માળખાકીય સુવિધાઓ જેમ કે, પાણી, વીજળી વગેરેથી સુસજ્જ કરવા માટે આયોજન કરવામાં આવશે. રાજ્યની ૨૦૮૯ સરકારી પશુ સારવાર સંસ્થાઓ ખાતેથી વિનામૂલ્યે પશુ સારવાર પૂરી પાડવા મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના હેઠળ ૪૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. જ્યારે પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા નવા ૨૫૦ સ્થાયી પશુ દવાખાના અને નવા ૧૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવા માટે કુલ ૩૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

ગીર ગાયના આનુવાંશિક ઓલાદ સુધારણા, સંવર્ધન અને સંરક્ષણ માટે પોરબંદરના ધરમપુર ખાતે અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવા ૨૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. રાજ્યમાં પશુઓમાં વ્યંધત્વની સારવાર માટેના ૧૮ હજારથી વધુ કેમ્પનું આયોજન કરવા કુલ ૧૩ કરોડ રૂપિયાની જોગવાઈ. પશુના જન્મ બાદ બે વર્ષ સુધી પાડી-વાછરડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવા પશુપાલકોને સહાયરૂપ થવા કુલ ૧૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

# લોનથી લઈને ભાડાપટ્ટા સુધી ગુજરાતનાં બજેટમાં સ્ટેમ્પ ડ્યુટી પર ત્રણ મોટી રાહત

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજ્યનું વર્ષ ૨૦૨૪-૨૫ નુંબજેટ બુધવારે (૨૦ ફેબ્રુઆરી) નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું કે, Ease of Living ના મંત્રને લક્ષ્યમાં રાખીને સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈમાં સરળીકરણ કરી પ્રજાલક્ષી સુધારાઓ આવરી લેતું વિધેયક રજૂ કરવામાં આવશે, જેમાં અમુક સુધારા કરવામાં આવશે.

કનુભાઈ દેસાઈએ આ વિશે વધુ વાત કરતાં કહ્યું કે, વારસામાં મળતી સંપત્તિમાં આવસાન પામેલી દીકરીના વારસદારો દ્વારા કરવામાં આવતા હક કમીના લેખ પર, વર્તમાન ૪.૯૦% સ્ટેમ્પ ડ્યુટીના બદલે પુત્રોના વારસદારોની જેમ ફક્ત ૨૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈ મુજબ, વર્તમાન સમયમાં રૂપિયા ૧ કરોડ સુધીની મોર્ગેજ લોન પર ૦.૨૫% લેખે મહત્તમ ૨૫ હજાર રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની થાય છે. જે ઘટાડીને હવે મહત્તમ ૫ હજારની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. જેથી હાઉસિંગ લોન ધારકો તેમજ નાના ઉદ્યોગકારો જેવા વર્ગોને આર્થિક લાભ થશે તેમજ સરળતા વધશે.

એક વર્ષ કરતાં ઓછા સમયગાળાના ભાડાપટ્ટાના લેખ પર સરેરાશ વાર્ષિક ભાડાની રકમ પર ૧% સ્ટેમ્પ ડ્યુટી ભરવાની જોગવાઈ છે. જેના સ્થાને રહેણાંક માટે ૫૦૦ રૂપિયા તથા વાણિજ્ય માટે ૧૦૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવશે તેમજ અન્ય સમયગાળાના ભાડાપટ્ટાના લેખ માટે લાગુ પડતા દરોનું સરળીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત, નાગરિકો અને નાના ઉદ્યોગકારોના સમય અને શક્તિનો બચાવ થાય તે હેતુસર, ગીરોખત, ગીરોમુકિત લેખ, ભાડા પટ્ટા લેખ કરવા માટે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં જવાને બદલે, ઘરે બેઠા ઈ-રજીસ્ટ્રેશનની સુવિધા ટૂંક સમયમાં પૂરી પાડવામાં આવશે. ગ્રીન ગ્રોથની સંકલ્પનાને સાકાર કરવાના ભાગરૂપે પર્યાવરણની જાળવણી અને સંવર્ધન માટે જે ઈલેક્ટ્રીક વાહનો પર હાલમાં ૬% સુધી ઉચ્ચક(Lumpsum) વ્હીકલ ટેક્સ અમલમાં છે, તેવા સંપૂર્ણપણે ઈલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર ૧ વર્ષ માટે ૫% સુધી રીબેટ આપી અસરકારક ૧% લેખે વેરાનો દર રાખવાનો પ્રજાલક્ષી અને પર્યાવરણલક્ષી નિર્ણય કરેલ છે. વેરાના દરમાં વધુ સરળીકરણ માટે મેક્સી કેટેગરીમાં પેસેન્જર વહનની ક્ષમતા મુજબ હાલના ૮% તથા ૧૨%ના દરને બદલે એક જ દર એટલે કે ૬% દર રાખવામાં આવશે. જેનાથી રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ મળશે.

# રાજકોટ વાવડીની કિંમતી જમીનના કલેકટર-હાઈકોર્ટના બોગસ દસ્તાવેજ બનાવનાર બે શખ્સોની ધરપકડ

## કોમ્પ્યુટર ઓપરેટર અને ફાયનાન્સરે ૨૦ હજાર વાર જમીનના ખોટા હુકમ બનાવી વેચી કાઢતા તંત્રની તપાસમા ભાંડો ફૂટયો

રાજકોટ

વાવડીની કિંમતી જમીનના કલેકટર-હાઈકોર્ટના બોગસ દસ્તાવેજ બની ગયાં હતાં અને તે જમીન વહેંચવા માટે વાયરલ કરાતા વહીવટી તંત્રે ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધાવતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે શખ્સોને પકડી પાડ્યા છે. તાલુકા મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા શીરીષભાઈ બાણગરીયાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૧૭ ના રાજકોટ કલેક્ટરના ખાનગી પત્રથી વાવડી ગામના સર્વે નં.૧૪૯ ની જમીનના ખોટા સહી સિક્કા વાળા બિનખેતી હુકમ તથા નોંધ બાબતે ફરીયાદ દાખલ કરવાનો હુકમ કરેલ હતો. તેની સાથે પ્રાંત અધિકારી દ્વારા આપેલ અહેવાલની નકલ સાથે તમામ વિગત તપાસી ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. અરજદાર રેતુલ ચંદ્રકાંતભાઈ શાહની અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજની નકલ બાબતે મદદનીશ કલેક્ટર દ્વારા રાજકોટ શહેર-૨ નો અહેવાલ મંગાવવામાં આવેલ હતો. જે અનુસંધાને મદદનિશ કલેક્ટરના પત્રમાં રજૂ થયેલ શહેર-૨ ના અહેવાલ મુજબ અરજદારની અરજી સાથે સામેલ કચેરીના તા. ૧૩/૦૯/૨૦૨૪ ના હુકમના નકલની ચકાસણી કરતા હુકમમાં વાવડી ગામે સર્વે નં. ૧૪૯, ક્ષેત્રફળ ૧૦ હજાર વાર ૯૧૪૦ ચો.મી. લખાયેલ છે.

જેની ખરાઈ કરતા મામલતદાર કચેરી તાલુકામાંથી આવી કોઈ પરવાનગી આપવામાં આવેલ ન હોવાનું કે આવો કોઈ પત્ર વ્યવવાર થયેલ ન હોવાનું જાણવામાં આવેલ હતુ.

પ્રાંત અધિકારીના અહેવાલમાં રજુ થયેલ તમામ કાગળો ખોટા હોવાનું અને વાવડી ગામના રેવન્યુ રેકર્ડ સર્વે નં.૧૪૯ એ સરકારી ખરાબાની જમીન કે જેની માલિકી શ્રી સરકારની છે.જેથી વાવડી ગામના સર્વે નં. ૧૪૯ ની જમીનના ખોટા સહી સિક્કા વાળા બિનખેતી હુકમ તથા નોંધ બાબતે અરજદારની અરજી બાબતે જરૂરી તપાસ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ પાસે ચાલુ હોવાનું અને અરજદાર રેતુલ શાહની અરજી સાથે રજૂ થયેલ ચારેય કોપીની પ્રાથમિક તપાસ કરતાં કોપીઓ બનાવટી હોવાનું જણાવી કાયદેશરની કાર્યવાહી કરવાં ક્રાઈમ બ્રાન્ચે આવેલ હતાં.

રાજકોટ મહાનગરપાલિકા
રેસકોર્ષ સંકુલ વિભાગ
રેસકોર્ષ સંકુલ સ્થિત આવેલ ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગના હેતુ માટે ભાડેથી આપવા બાબત.

રાજકોટ મહાનગરપાલિકા રેસકોર્ષ સંકુલ સ્થિત ગ્રાસ ફુટબોલ ગ્રાઉન્ડ વ્યક્તિ/સંસ્થા/એકેડમીને કોચિંગ માટે ભાડેથી આપવાની થાય છે. આ કામે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ઇ-ટેન્ડરથી ભાવો મંગાવવામા આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ભરવાની છેલ્લી તારીખ તા.૧૭/૦૩/૨૦૨૫ તથા તા.૧૮/૦૩/૨૦૨૫ અનુક્રમે સાંજે ૫:૦૦ કલાક તથા સાંજે ૬.૦૦ રહેશે.વધુ માહિતિ www.nprocure.com પરથી મળશે.

સહિ: એચ.આર.પટેલ
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૩ સને (૨૪-૨૫) મુદત વધારો સુધારો (પાચમો) ટૂંકી મુદત પ્રસિધ્ધ કરવા
(મા. મ.પંચાયત વિભાગ રાજકોટ)

કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન પંચાયત વિભાગ, જિલ્લા પંચાયત, રાજકોટ દ્વારા એસઆર પેકેજ-૧ ના કામો ૧ (એક) ની અંદાજિત કિંમત રૂા.૯૨.૦૦ લાખ છે. જે તે કામ માટે બી ક્લાસ સ્પે.રોડ કેટેગરી-૩ અને ઉપર જરૂરી નોંધણી ધરાવતા ઈજારદારશ્રી પાસેથી મંગાવવા માટે ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ઓનલાઈન ભરવાની છેલ્લી તા.૨૭/૨/૨૫ છે. વેબ સાઈટ http://tender.nprocure.com પર જોઈ શકાશે તેમજ ટેન્ડરો ભરી શકાશે. ઈ.એમ.ડી.(એફડીઆર) ૬ માસ (૧૮૦ દિવસની) માન્ય ગણવામાં આવશે, શેડયુલ બેંકની સોલ્વસી ચાલુ કેલેન્ડર વર્ષની માન્ય રાખવામાં આવશે. કોઈ પણ એક અથવા બધાજ ટેન્ડરો રદ કરવા અંગે ના અધિકાર જિલ્લા પંચાયત રાજકોટને અબાધિત રહેશે.

માહિતી/રાજ/સુધારો/૧૪૪૪/૨૪-૨૫

# કેજરીવાલના શીશમહેલને મ્યુઝિયમ બનાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૦

રેખા ગુપ્તાએ આજે દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. પરંતુ શપથ ગ્રહણ પહેલા જ તેમણે કહ્યું હતું કે, હું ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ભૂતપૂર્વ સત્તાવાર નિવાસસ્થાન, જેને ભાજપ સરકાર શીશમહેલ કહે છે તેને મ્યુઝિયમ બનાવવામાં આવશે. તેમજ રેખા ગુપ્તાએ વડાપ્રધાન નરેન્દ્ર દ્વારા આપવામાં આવેઆ તમામ વચનો પૂરા કરવાની ખાતરી પણ આપી હતી.

મીડિયા સાથે વાત કરતા રેખા ગુપ્તાએ કહ્યું, અમે શીશમહેલને મ્યુઝિયમ બનાવીશું. તેમજ અમે વડાપ્રધાન મોદીએ કરેલા તમામ વચનો પણ પૂરા કરીશું. મને આ પદ માટે પસંદ કરવા બદલ હું તેમનો આભાર વ્યક્ત કરું છું.શીશમહેલમાં રહેવા બાબતે રેખા ગુપ્તાએ કહ્યું કે, ના, બિલકુલ નહીં. એ લોકોના મહેનતના પૈસાનો મહેલ છે. હું તેને જનતાને સમર્પિત કરીશ. લોકો ત્યાં જશે અને તે જોશે અને તેમને દરેક ક્ષણે ખ્યાલ આવશે કે તેમના નાણા ક્યાં ખર્ચ કરવામાં આવ્યા હતા. દિલ્હીના ૬ ફલેગસ્ટાફ રોડ સ્થિત બંગલાના રિનોવેશનને લઈને બીજેપી અરવિંદ કેજરીવાલ પર સતત પ્રહારો કરી રહી છે.

# ખ્યાતિ હોસ્પિટલ કાંડ મામલે વધુ બે તબીબોના લાયસન્સ સસ્પેન્ડ

અમદાવાદ,તા.૨૦

ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં અધિકારીઓ સતત કાર્યવાહી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડમાં સંડોવાયેલા બે ડોક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. બંને ડોક્ટરોને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આગામી ૩ વર્ષ સુધી તબીબી પ્રેક્ટિસ કરી શકશે નહીં.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડૉ. સંજય પટોડિયા અને ડૉ. શૈલેષ આનંદ સામે કાર્યવાહી કરવામાં આવી છે.પીએમજેએવાય યોજનાના ડિરેક્ટર હેઠળની સમિતિ દ્વારા તૈયાર કરાયેલા અહેવાલના આધારે મેડિકલ કાઉન્સિલરની સુનાવણીમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. થોડા સમય અગાઉ જ અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલમાં મોટા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આ કેસમાં ૧૦૫ લોકોના નિવેદન નોંધવામાં આવ્યા હતા. સીપીસી ૧૬૪ મુજબ, સાત સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા.

૧૯ ઈલેક્ટ્રોનિક પુરાવા, ૩૬ ફાઈલો અને ૧૧ રજિસ્ટર જપ્ત કરવામાં આવ્યા હતા. ૩૪ બેંક ખાતાઓ વિશે માહિતી મેળવવામાં આવી હતી. આ સાથે આરોપીઓની મિલકતોની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૩૭ દર્દીઓનો ઇતિહાસ જપ્ત કરવામાં આવ્યો હતો. ખ્યાતિ હોસ્પિટલ કેસમાં ૮ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓના મૃત્યુના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ૫,૬૭૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે.

અગાઉ ગુજરાત મેડિકલ કાઉન્સિલે ડૉ. પ્રશાંત વઝીરાણીનું લાઈસન્સ ત્રણ વર્ષ માટે રદ કર્યું હતું. ખ્યાતિ કાંડ પછી, ગુજરાત મેડિકલ કાઉન્સિલની સૌથી મોટી કાર્યવાહી હતી. ડૉ. પ્રશાંત વઝીરાણીનું એમબીબીએસ, એમએસ,ડીએનબી લાઇસન્સ ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં તાંબા-પિત્તળના વાસણોની ચોરી કરનાર તસ્કર બેલડી રાજકોટથી પકડાઈ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૦: જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નાં ૧૦ માં આવેલા એક વાસણના વિક્રેતાના ગોડાઉનને પરમદિને મોડી રાત્રે ત્રાંબા અને પિત્તળના બેડા, તપેલી,બોટલ સહિતના રૂપિયા એક લાખ ૨૧ હજારની કિંમતના વાસણોની ચોરી થઈ હતી, જે ચોરીનો ભેદ ઉકેલાયો છે, અને રાજકોટ માંથી બે તસ્કરો ઝડપાઈ ગયા છે. જેઓ પાસેથી વાસણો કબ્જે કરી લેવાયા છે. જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૧૧ માં રહેતા અને મહાદેવ વાસણ ભંડાર નામની વાસણની દુકાન ચલાવતા બલરામભાઈ રૂપચંદભાઈ પારવાણી નામના સિંધી વેપારી નું વાસણનું ગોડાઉનમાંથી તા ૧૭મીએ રાત્રિના ચારેક વાગ્યાના અરસામાં ૪૮ નંગ ત્રાંબાના બેડા, ૧૧૦ ત્રાંબાની બોટલ તેમજ ૩૬ નંગ પિત્તળ ની તપેલી સહિતના વાસણોની ચોરી થઈ હતી. જે અંગે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી.જે ચોરીનો ભેદ ઉકેલાયો છે, અને રાજકોટમાંથી બે તસ્કરો પકડાયા છે. રાજકોટના કોઠારીયા રોડ પર રહેતા વિજય સોલંકી તેમજ જેતપુરના રહેવાસી રાકેશ સોલંકી ની પોલીસે અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી ૪૮ નંગ પાણીના બેડા, તેમજ પાણીને બોટલ અને તપેલી સહિતનો તમામ સામાન કબજે કરી લેવાયો છે. જામનગર પોલીસ દ્વારા બંને તસ્કરોનો કબજો સંભાળવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# ભવનાથમા ૭ જગ્યાએથી મહાશિવરાત્રીના મેળાનુ જીવંત પ્રસારણ જોઈ શકાશે


## ૩૦૦૦ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ તેમજ ફલડ લાઈટથી મહાશિવરાત્રીનો મેળો ઝગમગી ઉઠશે

જૂનાગઢ તા.૨૦::ગિરનારની ગોદમાં આગામી તા.૨૨ માર્ચથી તા.૨૬ માર્ચ સુધી મહાશિવરાત્રીનો મેળો યોજાશે. મેળામા આવતા ભાવિકો જુદી-જુદી સાત જગ્યાએથી મેળાનું જીવંત પ્રસારણ માણી શકશે. જેમા મંગલનાથ આશ્રમ, દતચોક, શનિદેવ મંદિર, અગ્નિ અખડા પાસે, ઇન્દ્રભારતી ગેટ, જિલ્લા પંચાયત અને ભગીરથ વાડી ખાતે તંત્ર દ્વારા એલ.ઈ.ડી. સ્ક્રીન રાખવામાં આવશે. આ ઉપરાંત ત્રણ હજાર એલ.ઇ.ડી. ટ્યુબલાઈટ તેમજ ફલડ લાઈટથી મહાશિવરાત્રીનો મેળો ઝગમગી ઉઠશે.

જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શનમાં વિવિધ વિભાગો દ્વારા મેળાના સુચારું આયોજન માટે કામગીરી હાથ ધરી રહ્યા છે. મહાશિવરાત્રીના મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય ત્યારે રાત્રીના સમયે લોકો મેળાનો આનંદ લઈ શકે તે માટે તંત્ર દ્વારા લાઇટિંગની વિશેષ વ્યવસ્થા માટે ટીમ કાર્યરત કરવામા આવી છે. જેમા ૧૦૦ જેટલા કર્મચારીઓ લાઈટીંગની કામગીરી માટે જોડાયા છે.પાંચ દિવસીય મેળામા દરરોજ અનેક શ્રદ્ધાળુઓ ભવનાથમા આવતા હોય, શ્રદ્ધાળુઓ અલગ અલગ જગ્યાએથી એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા સમગ્ર મેળો જોઈ શકે તે માટે વ્યવસ્થા કરવામા આવી છે.

અત્રે ઉલ્લેખનીય છેકે, મંગલનાથ આશ્રમ, દત ચોક, શનિદેવ મંદિર, અગ્નિ અખડા પાસે, ઇન્દ્રભારતી ગેટ, જિલ્લા પંચાયત તથા ભગીરથ વાડી ખાતે એલ.ઈ.ડી. સ્ક્રીન મુકવામા આવતા આ જગ્યાઓ પરથી મેળો લાઈવ જોઈ શકાશે.

# આજે ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસઃ માતૃભાષા ગુજરાતી વિકાસ, મહત્વ અને મમત્વ



-તખુભાઈ સાંડસુર

માતૃભાષાનું ગૌરવ કરવાનો દિવસ એટલે વિશ્વ માતૃભાષા દિવસ. એવું કહેવાય છે કે ૧૯૫૨માં પૂર્વ પાકિસ્તાનમાં પાકિસ્તાન સરકારે ઉર્દુ ભાષાને માતૃભાષા તરીકે અને ફરજિયાત ભાષા તરીકે લાગુ કરવાનો જબરજસ્તી પુર્ણ નિર્ણય કર્યો.આ નિર્ણય હાલના બાંગ્લાદેશ અને તે સમયના પૂર્વ પાકિસ્તાન અને તેની પ્રજાને મંજૂર નહોતો, કારણ કે તેમની માતૃભાષા એ બંગાળી હતી. તેથી તેઓ તેની માતા બંગાળીને પ્રેમ કરતા હતાં. આ રીતે જબરજસ્તીથી કોઈ ભાષાને લાદી દેવા થયેલા પ્રયત્નો પુર્વ પાકિસ્તાનના પ્રજાજનોએ સખત વિરોધ કરીને આંદોલન કર્યું.તે આંદોલનમાં ૨૧મી ફેબ્રુઆરીના દિવસે ચાર લોકો શહીદ થયાં. પછીથી આ દિવસને માતૃભાષા દિવસ તરીકે ઉજવવાનું યુનોએ નક્કી કર્યું છે.તેથી આજનો દિવસ માતૃભાષા દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે.

આપણે માતૃભાષા ગુજરાતીના સાર્વત્રિક ઇતિહાસ તરફ નજર કરીએ છીએ ત્યારે દેખાય છે કે આપણી ભાષા પણ સમગ્ર વિશ્વમાં એક કીર્તિસ્તંભની માફક આજે પણ ઉભી છે.સમગ્ર વિશ્વમાં ૯૦૦ ભાષા બોલાય છે. અને એવું કહેવાય છે કે આ ભાષાનો ઉદભવ ઈ.સ.પૂર્વે ૩૫૦૦ થી ઈ.સ.સન પૂર્વે ૫૫૦૦ દરમિયાન થયેલો. પછી ધીમે ધીમે સંસ્કૃત ભાષા આવી જેમાં વૈદિક સંસ્કૃત,લૌકિક સંસ્કૃત અને સીએટ સંસ્કૃત એવા ત્રણ સંસ્કૃત ભાષાના સ્વરૂપો હતા. સંસ્કૃતની વિદાય અથવા તેમાંથી ઉતરી આવીને પ્રાકૃત ભાષાનો ઉદભવ થાય છે. જેમાંથી માગધી, શેની પૈસાચી વગેરે ભાષાઓ થઈનો ઉલ્લેખ મળે છે. ત્રીજા અને છેલ્લા તબક્કામાં ગુજરાતી અને ગુજરાતનો ઉલ્લેખ મળે છે. આરબ પ્રવાસીઓ ઈ.સ.૯૧૬ માં અબુજેદી અને ૯૪૩માં અલબરુની જ્યારે ભારતમાં આવે છે ત્યારે તેઓ ગુર્જર શબ્દનો ઉપયોગ કરે છે. પછી ધીમે ધીમે ગુર્જર પરથી ગુજરાતી ઉતરી આવે છે.નરસિંહરાવ દિવેટિયા તેને ઈ.સ. ૫૫૦ પછીનો સમય તે ગણાવે છે. જેમાં પણ આપણે ત્રણ તબક્કાઓને ગણી શકીએ.

પ્રથમ તબક્કો એટલે ગુર્જર અપભ્રંશ ભાષા જે ઈસવીસન ૧૦ મી સદીથી ૧૪ મી સદી દરમિયાન ઉતરી આવી છે. ગુજરાતીનું આ પ્રથમ દર્શન હેમચંદ્રના પ્રાકૃતિક વ્યાકરણમાં મળે છે.પછી બીજો તબક્કો આવે છે મધ્યકાલીન ગુજરાતી. જે ઈસવીસન ૧૪ થી ૧૭ મી સદીનો ગાળો છે. ત્યાં આ ભાષા રાજસ્થાની ને મળતી આવે છે. જેમાં તમે કાદંબરી ,નરસિંહ -મીરાના ભજનો અને વસંત વિલાસ જેવી કૃતિઓ ને ગણાવી શકો. છેલ્લો અને અંતિમ તબક્કો આવે છે અર્વાચીન ગુજરાતી ભાષા. કે જેનો પ્રારંભ ૧૭ મી સદીથી માનવામાં આવે છે. પ્રેમાનંદ થી દયારામ સુધીનો તબક્કો ૧૬૮૦ થી ૧૮૫૦ દરમિયાન અર્વાચીન ગુજરાતી ભાષા પગરણ કરતી દેખાઈ રહી છે. પરંતુ ગુજરાતી સાહિત્યને સમગ્ર આલેખમાં મૂકીએ તો તેનો ૧૦૦૦ વર્ષ નો ઉદ્ભવ અને વિકાસ છે. કોઈ સંશોધકો એમ પણ કહે છે કે ૧૫ મી થી ૧૬મી સદી દરમિયાન પારસીઓ ગુજરાતી બોલતા થાય છે,તેનું મૂળ સંસ્કૃતિ, ફારસી અને સ્થાનિક ગુજરાતીઓમાં દેખાઈ રહ્યું છે.

ગુજરાતી ભાષાની સૌથી પ્રથમ કૃતિઓ તરીકે રોજનીશી લખનાર દુર્ગારામ મહેતા હતાં, તેનો સમયગાળો ૧૮૪૦નો હતો. નિબંધ સૌપ્રથમ લખ્યો નર્મદા શંકર દવેએ ૧૮૫૧માં, નવલકથા નંદશંકર મહેતાએ ૧૮૬૬ માં લખી અને આત્મકથા નર્મદા શંકર દવે ૧૮૬૬ માં લખી. સાહિત્યનું શિક્ષણ ૧૯ મી સદી સુધી દેવનાગરી લિપિ દ્વારા થતું હતું. ગુજરાતના મધ્યકાલીન યુગના કવિઓ જેમાં અખો, પ્રેમાનંદ અને શામળ ભટ્ટ આગળની હરોળમાં મ દેખાઈ રહ્યાં છે. તેઓ બધા ૧૫૯૧ થી શરૂ કરીને ૧૭૬૯ સુધી થઈ ગયા.

ગુજરાતી ભાષાનું મહત્વ કોઈ ભાષા સાથે સરખામણી કરીને ઓછું આંકી શકાય તેમ નથી. ભારતની સ્થાનિક ભાષામાં ગુજરાતી ૨૬ માં ક્રમે છે અને કુલ લગભગ ૫.૬૪ કરોડ લોકો બોલચાલની ભાષા તરીકે તેનો ઉપયોગ કરી રહ્યા છે. જે દેશની ૪.૫% જેટલી વસ્તી છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં લગભગ ૨૫ રાજ્યોમાં લોકો ગુજરાતી ભાષા બોલતા લોકો વસવાટ કરે છે.તેથી જ નર્મદ કહે છે કે ''જયાં જયાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદા કાળ ગુજરાત''. તો વળી આપણા ગીત કવિ તુષાર શુકલ કહે છે

''આપણે એને સાચવી જાણીએ
આપણને એ સાચવતી એ
ધૂળ નથી છે કુળ આપણું
ભાષા મારી ગુજરાતી છે''

આ શબ્દો છે ગુજરાતીના પોખંણા કરવાના કેવી રીતે આપણે આપણી માતાના ખોળામાંથી ઉભા થઈ શકીએ.કોઈ અન્ય ભાષાઓનું જ્ઞાન જરૂરી છે અને તેના અમલીકરણ કે પછી આદાન પ્રદાન માટે વૈશ્વિક સ્થિતિની સાથે જોડાવા કદાચ અન્ય ભાષાઓની અગત્યતાને આપણે કોરાણી ન કરી શકીએ તો પણ આપણે આપણી માંને ધક્કો તો નહીં જ મારી શકીએ!! આપણું માતૃભાષા શિક્ષણનું મહત્વ ઓછું ન થવું જોઈએ તેથી જ નવી શિક્ષણનીતિ-૨૦૨૦ માં આ વાત ખૂબ ભારપુર્વક સ્વીકારી છે.

દરેક ગુજરાતીને પોતાની માતૃભાષાનું મમત્વ છૂટવું ન જોઈએ.કારણ કે માંના મહત્વમા તેના ગર્ભમાં આપણા મૂલ્યો,આપણાં આદર્શો, આપનો ઈતિહાસ, આપણી સંસ્કૃતિ પરંપરા એટલું ઘૂંટાઈ ઘુટાઈને ભર્યું છે કે તેને સહેજ પણ બાજુમાં મૂકવાથી કેટલું બધું આપણાથી દૂર થવાની વીતી અને અંધકાર ડોકાઈ રહ્યો છે. જીવનના મેનેજમેન્ટને સારી રીતે સમજવા માટે આપણાં ઐતિહાસિક એવા દસ્તાવેજો કે જે ત્યાગ, સમર્પણ, મૂલ્ય અને આદર્શોના પાયા ઉપર ખપી ગયા છે અને જીવનને જે રીતે જીવી જાણીને આજે પણ તેની ખુશ્બુ સૌને આપી રહ્યા છે તેને આપણે કેવી રીતે ભૂલી શકીએ.તેથી ગુજરાતીએ ગુજરાતીથી જરાય દૂર ન જવું જોઈએ. આપણે ગુજરાતી તરીકે વિશ્વના કોઈપણ ખૂણે જઈએ તો પણ આ ભાષાનું મહત્વ ઓછું ન થવું જોઈએ અને ગૌરવપૂર્વક કહીએ કે હા અમારી ભાષા ગુજરાતી છે.ગુજરાતી આપણાંથી આપણે ગુજરાતીથી રુડાં અરુણ પ્રભાત બની રહે તે જરૂરી છે. આવો એક નારો કરીએ ''ગર્વ છે કે હું ગુજરાતી છું અને મારી માતૃભાષા ગુજરાતી છે.''

# દત્ત અને દાતારની પવિત્ર ભૂમિને પ્લાસ્ટિક મુક્ત રાખવા શ્રદ્ધાળુઓને અપીલ કરતાં મહંત હરિહરાનંદ બાપુ

જૂનાગઢ તા.૨૦: ગિરનારના સાનિધ્યમાં આગામી તા.૨૨ ફેબ્રુઆરીથી તા.૨૬ ફેબ્રુઆરી દરમિયાન મહાશિવરાત્રીનો મેળો યોજાશે. આ મેળાને પ્લાસ્ટિક મુક્ત રાખી વહીવટી તંત્રને સહકાર આપવા સાધુ સંતો અપીલ કરી રહ્યા છે. ભારતી આશ્રમના મહંતશ્રી હરિહરાનંદ બાપુએ મહાશિવરાત્રીના મેળામાં આવતા તમામ સાધુ-સંતો અને



ભકતોને અપીલ કરી દત્ત અને દાતારની ભૂમિ તથા ભવનાથ અને જૂનાગઢને પ્લાસ્ટિક મુક્ત રાખવા તેમજ જ્યાં ત્યાં કચરો ન ફેકી જિલ્લા તંત્રને સહયોગ આપવા અનુરોધ કર્યો છે.

# મહાશિવરાત્રી મેળા દરમિયાન રાજકોટ ડિવિઝનની ૨ ટ્રેનોમાં વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે

રાજકોટ તા.૨૦: મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ જૂનાગઢમાં યોજાનારા ''મહાશિવરાત્રી મેળા'' માટે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે જોડી ટ્રેનોમાં વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૧૯૧૧૯/૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ-વેરાવળમાં ૨૨.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૨.૨૦૨૫ સુધી અને ગાંધીનગર કેપિટલથી ૨૩.૦૨.૨૦૨૫ થી ૨૮.૦૨૦૨૦ સુધી ૨ વધારાના જનરલ કોચ લગાડવામાં આવશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૦૭/૧૯૨૦૮ પોરબંદર-રાજકોટ-પોરબંદરમાં ૨૨.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૨.૨૦૨૫ સુધી અને રાજકોટથી ૨૨.૦૨.૨૦૨૫ થી ૨૭.૦૫.૨૦૨૫ સુધી ૨ વધારાના જનરલ કોચ લગાડવામાં આવશે.

# ૨૩ ફેબ્રુ.એ પૂજ્ય જલાબાપાની પુણ્યતિથિ હોવાથી વેપારીઓ રોજગાર ધંધા બંધ રાખી શ્રદ્ધાંજલી આપશે

કીશનસિંહ મોરબીયા – વીરપુરઃસૌરાષ્ટ્રના રાજકોટ જીલ્લાના સુપ્રસિદ્ધ જગવિખ્યાત યાત્રાધામ વીરપુર કે જ્યાં પૂજ્ય સંત શિરોમણી કે શ્રી જલારામ બાપાની જગ્યા આવેલ છે,દેશ વિદેશથી પૂજ્ય જલારામ બાપાના દર્શને લાખો દર્શનાર્થીઓ આવે છે,પૂજ્ય જલાબાપાએ શરૂ કરેલ સદાવ્રત અન્નક્ષેત્ર ૨૦૦ વર્ષથી આજે પણ અવિરત ચાલુ છે,પૂજ્ય સંત શ્રી જલારામ બાપા સેવકો સાથે ભજન કરતા કરતા વિક્રમ સવંત ૧૯૩૭ મહા વદને દશામીને બુધવારના દિવસે વૈકુંઠવાસ થયા હતા ત્યારથી ગુજરાતી માસ મુજબ મહા વદને દશામીના દિવસે પૂજ્ય જલારામ બાપાનો નિર્વાણ દિન એટલે પૂજ્ય બાપાની ૧૪૪મી પુણ્યતિથિ છે જે તા. ૨૩ ફેબ્રુઆરીને રવિવારે છે,દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂજ્ય જલારામ બાપાની પુણ્યતિથિના દિવસે ૨૩ ફેબ્રુઆરી રવિવારના રોજ સમગ્ર વીરપુર ગામના તમામ નાના મોટા વેપારીઓ અને વીરપુર વેપારી એસોસિએશન પણ સંપૂર્ણપણે પોતાના રોજગાર ધંધા બંધ પાળીને પૂજ્ય જલારામ બાપાને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે, વીરપુર આવતા ભાવિકો, યાત્રાળુઓ માટે પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં અન્નક્ષેત્ર તેમજ પૂજ્ય જલાબાપાના દર્શન રાબેતા સમય મુજબ ચાલુ રહેશે.


ISO 9001:2015 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ

Research Analyst - SEBI

+91 99793 80808


# નિફ્ટી ફ્યુચર ૨૨૮૦૮ પોઈન્ટ અતિ મહત્વની સપાટી...!!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!! તા.૨૦.૦૨.૨૦૨૫ ના રોજ...

બીએસઇ સેન્સેક્સ - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે બીએસઇ સેન્સેક્સ આગલા બંધ ૭૫૯૩૯ સામે ૭૫૬૭૨ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૫૪૬૩ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...દિવસ દરમ્યાન સરેરાશ ૩૩૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૨૦૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૫૭૩૫ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર - ઇન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૨૯૬૪ સામે ૨૨૮૯૫ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૨૮૫૫ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો...સરેરાશ ૧૦૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૨૨ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨૯૪૨ પોઈન્ટ બંધ થયેલ..!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...

અમેરિકા - ભારત વચ્ચે બિઝનેસ ડિલના પરિણામે ભારત પર ટેરિફનો બોજ ઓછો રહેવાની શકયતાએ અને મોર્ગન સ્ટેનલી, સિટી રિસર્ચ સહિતે ભારત માટે પોઝિટીવ આઉટલૂક આપતાં ભારતીય શેરબજારમાં આજે આરંભમાં ફંડો સેન્સેક્સ, નિફ્ટી બેઝડ બેંકિંગ શેરોની આગેવાનીએ તેજીમાં આવ્યા હતા. પરંતુ વધ્યામથાળેથી ફરી સાવચેતીમાં ઈન્ડેક્સ બેઝડ સુધારો અંતે ધોવાયો હતો. ઉપરાંત, અમેરિકામાં ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ-ડ્રગ, ચીપની આયાત પર ૨૫% સુધી ટેરિફ લાદવાના અને આ માટે નિર્ણય બીજી એપ્રિલના લેવાઈ શકે છે એવા ટ્રમ્પના સંકેતે આજે ફરી વૈશ્વિક બજારોમાં તેજીને બ્રેક લાગી સાવચેતી જોવાઈ હતી.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, વૈશ્વિક ડોલર ઈન્ડેક્સમાં વધારો થતા ભારતીય રૂપિયાના મૂલ્યમાં ઘટાડો જોવા મળ્યો હતો. જયારે વૈશ્વિક સ્તરે ક્રૂડઓઈલના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. બીએસઇ પર મીડકેપ ઈન્ડેક્સ ૧.૧૮% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૩૨% વધીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર બેન્કેક્સ, ફાઈનાન્સિયલ સર્વિસીસ, ફોકસ્ડ આઈટી અને એફએમસીજી શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૪૦૫૪ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૨૭૩ અને વધનારની સંખ્યા ૨૬૬૯ રહી હતી, ૧૧૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૪ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં એનટીપીસી લી. ૩.૩૨%, મહિન્દ્રા મહિન્દ્રા ૩.૦૧%, અદાણી પોર્ટ ૨.૮૫%, ટાટા સ્ટીલ ૧.૫૮%, ટાટા મોટર્સ ૧.૩૩%, ઇન્ડસઇન્ડ બેન્ક ૧.૧૩%, પાવર ગ્રીડ કોર્પોરેશન ૧.૦૧%, ઈન્ફોસીસ લી. ૦.૭૦% અને એશિયન પેઈન્ટ ૦.૫૫% વધ્યા હતા, જયારે એચડીએફસી બેન્ક ૨.૩૫%, મારુતિ સુઝુકી ૧.૮૧%, ટેક મહિન્દ્ર ૧.૬૯%, એચસીએલ ટેકનોલોજી ૧.૬૯%, આઈટીસી લી. ૧.૦૬%, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૮૯%, કોટક બેન્ક ૦.૭૩%, બજાજ ફાઈનાન્સ ૦.૭૧% અને સન ફાર્મા ૦.૪૧% ઘટ્યા હતા.

બજારની ભાવિ દિશા.... મિત્રો, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાર્માસ્યૂટિકલ્સ તથા સેમીકન્ડકટર આયાત પર પ્રારંભમાં ૨૫% ડયૂટી લાગુ કરી પછી તેને તબક્કાવાર વધારવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. ટ્રમ્પ આ ટેરિફ લાગુ કરશે તો, ભારતમાં સૌથી વધુ માઠી અસર ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓ-ઉદ્યોગ પર પડવાની દહેશત છે. ભારતીય ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગ દ્વારા તેની કુલ નિકાસના ૩૮%થી વધુ દવાઓની નિકાસ અમેરિકામાં થાય છે. ભારતની એવી કેટલીક મોટી ફાર્મા કંપનીઓ છે, જે તેમની મોટી નિકાસ અમેરિકામાં કરીને આવક મેળવે છે. ટ્રમ્પ તેનો આક્રમક મિજાજ બતાવતા રહી હવે ટેરિફનો હાઉ બતાવતા રહી સતત વિશ્વના ઘણા દેશોને ડિલ ટેબલ પર આવવા મજબૂર કરી રહ્યા છે. અમેરિકામાં ફાર્મા આયાત પર જો ૨૫% રેસિપ્રોકલ ડયૂટી લાગુ કરાશે તો તેનાથી ભારતના ફાર્મા ઉદ્યોગને ફટકો પડી શકે છે.

ભારતના મોટાભાગના જેનેરિક દવા ઉત્પાદકો અમેરિકાને પોતાની સૌથી મોટી બજાર ગણાવી રહ્યા છે. નાણાં વર્ષ ૨૦૨૪માં અમેરિકામાં ભારતની ફાર્મા નિકાસનો આંક ૮.૭૦ અબજ ડોલર અથવા તો ફાર્માની કુલ નિકાસના ૩૧% જેટલી રહી હતી. અમેરિકાની બજારમાં ભારતના જેનેરિક દવાના નિકાસકારો ખર્ચાળ દવાનો સસ્તો વિકલ્પ પૂરો પાડે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૨માં અમેરિકામાં લખાયેલા જેનેરિક પ્રીસ્ક્રિપ્સનમાંથી ૫૦% જેટલા પ્રીસ્ક્રિપ્સન ભારત દ્વારા પૂરા પડાયા હતા અને આને કારણે અમેરિકાની આરોગ્યસંભાળ પદ્ધતિમાં ૪૦૮ અબજ ડોલરની બચત થવા પામી હતી.

તા.૨૧.૦૨.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

- તા.૨૦.૦૨.૨૦૨૫ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૨૨૯૪૨ પોઈન્ટ - આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૩૦૮૮ પોઈન્ટના પ્રથમ અને ૨૩૧૮૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૨૮૮૦ પોઈન્ટ થી ૨૨૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૨૨૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- તા.૨૦.૦૨.૨૦૨૫ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૪૯૪૭૩ પોઈન્ટ - આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૪૯૮૦૮ પોઈન્ટ પ્રથમ અને ૪૯૯૭૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૪૯૩૦૩ પોઈન્ટ થી ૪૯૧૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફ્ટી ફ્યુચરમાં ૪૯૯૭૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

- એસબીઆઈ લાઈફ ( ૧૪૭૧ ) - એસબીઆઈ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૧૪ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૮૮ થી રૂ.૧૪૯૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૫૦૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- ઓરબિન્દો ફાર્મા ( ૧૧૨૫ ) - ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૦૯૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૦૮૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૧૪૩ થી રૂ.૧૧૫૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- અદાણી પોર્ટ્સ ( ૧૧૧૨ ) - રૂ.૧૦૮૮ નો પ્રથમ તેમજ રૂ.૧૦૭૩ બીજા સપોર્ટથી પોર્ટ્સ એન્ડ પોર્ટ્સ સર્વિસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૩૪ થી રૂ.૧૧૪૦ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!
- ઈન્ડસઈન્ડ બેન્ક ( ૧૦૪૮ ) - પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૬૩ થી રૂ.૧૦૭૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૯૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- ટાટા કન્ઝ્યુમર ( ૧૦૧૨ ) - રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૯૭૩ સ્ટોપલોસ આસપાસ ટી એન્ડ કોફી સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૦૩૩ થી રૂ.૧૦૪૦ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!
- હેવેલ્સ ઈન્ડિયા ( ૧૫૩૧ ) - ટેકનીકલ ચાર્ટ મુજબ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૫૫૫ આસપાસ વેચવાલી થકી રૂ.૧૫૦૩ થી રૂ.૧૪૯૦ ના નીચા મથાળે ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!
- ગ્લેનમાર્ક ફાર્મા ( ૧૩૫૧ ) - રૂ.૧૩૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૩૮૦ ના સ્ટોપલોસે તબક્કાવાર રૂ.૧૩૨૩ થી રૂ.૧૩૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૩૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!
- મહાનગર ગેસ ( ૧૩૩૯ ) - કડત્રહ/ઈગત્રહ/ડગત્રહ/કગત્રહ સપ્લાયર સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૭૦ ના સ્ટોપલોસથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૦૮ થી રૂ.૧૨૯૦ ના ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!
- બાટા ઈન્ડિયા ( ૧૨૬૬ ) - ટેકનીકલ ચાર્ટ મુજબ ફૂટવેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૯૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૪૭ થી રૂ.૧૨૨૦ ના ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૨૩૨ ) - રૂ.૧૦૫૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૬૦ ના સ્ટોપલોસે આ સ્ટોક રૂ.૧૨૦૮ થી રૂ.૧૧૯૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૨૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**લેખક સેબી રજીસ્ટર્ડ રીસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઈટર છે**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

# સોના-ચાંદીના વાયદામાં તેજીની આગેકૂચઃ સોનામાં રૂ.૪૯૬ અને ચાંદીમાં રૂ.૧,૨૫૧નો ઉછાળોઃ ક્રૂડ તેલ રૂ.૬ ઢીલું

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૪૧૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૨૨૯૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૪૫૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૦૬૯૩ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૬૭૧૯.૦૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૪૧૭.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં, જ્યારે કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૨૨૯૯.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૨૦૬૯૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૨૬.૦૨ કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૪૫૦.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૬૪૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૬૫૬૦ અને નીચામાં રૂ.૮૬૩૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૫૯૧૦ના આગલા બંધ સામે રૂ.૪૯૬ વધી રૂ.૮૬૪૦૬ના ભાવ થયા હતા. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫૨૩ વધી રૂ.૭૦૧૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૦ વધી રૂ.૮૭૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૧ વધી રૂ.૮૬૧૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૭૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૭૭૬૩ અને નીચામાં રૂ.૯૬૭૯૭ના સ્તરને સ્પર્શી, રૂ.૯૬૪૦૬ના આગલા બંધ સામે રૂ.૧૨૫૧ વધી રૂ.૯૭૬૫૭ના ભાવ થયા હતા. આ સામે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૭૩ વધી રૂ.૯૭૩૯૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૧૪૬ વધી રૂ.૯૭૩૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૬૧૪.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૧ વધી રૂ.૮૭૦.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૭૫ વધી રૂ.૨૭૧.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૪ વધી રૂ.૨૬૪.૮ના સ્તરે પહોંચ્યો હતો. જ્યારે સીસું ફેબ્રુઆરી વાયદો ૪૦ પૈસા વધી રૂ.૧૭૯.૯૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૪૩૯૪.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૨૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૨૮૮ અને નીચામાં રૂ.૬૨૩૯ના મથાળે અથડાઈ, રૂ.૬૨૮૮ના આગલા બંધ સામે રૂ.૬ ઘટી રૂ.૬૨૮૨ના ભાવ થયા હતા. જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૬ ઘટી રૂ.૬૨૮૩ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭ ઘટી રૂ.૩૬૭.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૩૬૬.૯ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૨૨.૧ના ભાવે ખૂલી, ૫૦ પૈસા વધી રૂ.૯૨૪ના ભાવ થયા હતા.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪૮૭૬.૫૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૫૭૪.૨૫ કરોડના વેપાર થયા હતા. તાંબાના વાયદાઓમાં રૂ.૧૦૨૭.૨૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૯.૭૩ કરોડ, સીસુ અને સીસુ-મિનીના વાયદાઓમાં રૂ.૩૮.૫૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૫૮.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૨૭૪.૬૪ કરોડનાં વેપાર થયા હતા. જ્યારે નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૪૧૧૯.૩૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩.૫૪ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદાઓમાં રૂ.૩.૫૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૨૦૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૩૨૭૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૬૯૫ લોટ અને ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૧૭૯૦૮ લોટના સ્તરે હતો. જ્યારે ચાંદીના વાયદાઓમાં ૨૭૫૯૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૫૦૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૨૮૫૮૩ લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં ૩૫૫૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૮૬૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૨૦૬૫૬ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૦૭૦૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૦૬૪૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૬ પોઈન્ટ વધી ૨૦૬૯૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૮ ઘટી રૂ.૧૫૮.૫ના ભાવ થયા હતા. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨ વધી રૂ.૩.૨૫ના ભાવ થયા હતા.

સોનું ફેબ્રુઆરી રૂ.૮૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧.૫ વધી રૂ.૪૯૧.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૦.૫ વધી રૂ.૮૦૪ના ભાવે બોલાયો હતો. તાંબુ ફેબ્રુઆરી રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૪ પૈસા ઘટી રૂ.૪.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૩ વધી રૂ.૨.૬ના ભાવ થયા હતા.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૬૫ ઘટી રૂ.૧૬૧.૭૫ના ભાવે બોલાયો હતો. આ સામે નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ વધી રૂ.૭.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૮૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૧૮૪.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૧૬.૫ વધી રૂ.૩૫૨૦.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪.૬ વધી રૂ.૧૮૦.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૪.૬ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૮૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૧.૫ ઘટી રૂ.૫૯૨.૫ના ભાવ થયા હતા. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૯૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૯૯ ઘટી રૂ.૭૩૮ના ભાવ થયા હતા. તાંબુ ફેબ્રુઆરી રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૨૪ ઘટી રૂ.૪.૮૩ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૪ ઘટી રૂ.૦.૬ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩.૧૫ વધી રૂ.૧૩૪.૮ના ભાવ થયા હતા. આ સામે નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ વધી રૂ.૮.૫ના ભાવ થયા હતા. જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૮૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૦ ઘટી રૂ.૪૨૧ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી-મિની એપ્રિલ રૂ.૯૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૪ ઘટી રૂ.૧૯૭૦ના ભાવ થયા હતા.

# Gujarat Budget 2025 Highlights

નવી દિલ્હી, તા.૨૦

ગુજરાત વિધાનસભામાં રાજ્યનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. નાણામંત્રી કનુ દેસાઈએ સામાન્ય બજેટમાં ઘર વિહોણા લોકો માટે મોટી જાહેરાત કરી હતી. આવાસ યોજનાની સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરાયો હતો. પહેલા આવાસ યોજના માટે ૧.૨૦ લાખ રૂપિયાની સહાય અપાતી હતી. હવે આવાસ યોજના માટે ૧.૭૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ઘરનું ઘરનું સ્વપ્ન સાકાર કરવા ૩ લાખ આવાસ પૂરા પાડવાનું આયોજન છે. બજેટમાં પોષણલક્ષી યોજના માટે ૮,૨૦૦ કરોડ રૂપિયા, મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડ, ITIને અપગ્રેડ કરવા માટે ૪૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. તે સિવાય ૧૦ જિલ્લામાં ૨૦ સ્થળે નવી સમરસ કુમાર અને કન્યા છાત્રાલય બનાવવામાં આવશે. ૮૧ લાખ લાભાર્થીઓને શિષ્યવૃતિ આપવા ૪૮૨૭ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ હતી. મેન્યુફેકચરિંગ પાર્ક અને ટેકસટાઈલ નીતિથી પાંચ લાખ રોજગારીનું સર્જન કરવામાં આવશે. તે સિવાય SC-ST-OBCને અભ્યાસ માટે ૬ ટકા વ્યાજે લોન આપવાની પણ જોગવાઈ કરાઈ હતી. મહાનગરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવામાં આવશે. વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ મળતી લોન અને સબસિડીની રકમમાં વધારો કરાયો હતો.

જાણો બજેટમાં શું કરાઈ મોટી જાહેરાતો?

-પોષણલક્ષી યોજના માટે ૮,૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી
-મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડની ફાળવણી
-ITIને અપગ્રેડ કરવા માટે ૪૫૦ કરોડની જોગવાઈ
-આંગણવાડી યોજના માટે ૨૭૪ કરોડ રૂપિયા
-શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડ રૂપિયા
-ચાર રીજીયનમાં I-HUB સ્થાપવાનું આયોજન
-રાજ્યની ૬ એન્જિનિયરીંગ કોલેજમાં AI લેબની સ્થાપના
-SC-ST-OBCને અભ્યાસ માટે ૬ ટકા વ્યાજે લોન
-એલડી સહિત ૬ કોલેજોમાં છૈં લેબ સ્થપાશે
-મહાનગરોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ
-રાજ્યમાં બે નવા એક્સપ્રેસ-વેની જાહેરાત
-અંબાજીના વિકાસ માટે ૧૮૦ કરોડ રૂપિયા
-ઉદ્યોગ અને ખાણ માટે ૮,૯૫૮ કરોડ રૂપિયા
-કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૨૨,૪૯૮ કરોડ રૂપિયા
-સામાન્ય વહિવટ વિભાગ માટે ૧,૯૯૯ કરોડ રૂપિયા
-મહેસુલ વિભાગ માટે ૫,૪૨૭ કરોડ રૂપિયા
-ગૃહ વિભાગ માટે ૧૨,૬૫૯ કરોડ રૂપિયા
-કાયદા વિભાગ માટે ૨,૬૫૪ કરોડ રૂપિયા
-માહિતી અને પ્રસારણ વિભાગ માટે ૩૬૨ કરોડ રૂપિયા
-ઉર્જા અન પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે ૬,૭૫૧ કરોડ રૂપિયા
-વન અને પર્યાવણ વિભાગ માટે ૩,૧૪૦ કરોડ રૂપિયા
-કલાઈમેન્ટ ચેન્જ માટે ૪૨૯ કરોડ રૂપિયા
-પંચાયત, ગ્રામગૃહ નિર્માણ માટે ૧૩,૭૭૨ કરોડ રૂપિયા
-બંદરો અને વાહન વિભાગ માટે ૪,૨૮૩ કરોડ રૂપિયા
-વિદ્યા અને પ્રોધ્યોગીકી વિભાગ માટે ૨,૫૩૫ કરોડ રૂપિયા
-ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ૧૧,૭૦૬ કરોડ રૂપિયા
-પ્રવાસન યાત્રાધામ માટે ૨,૭૪૮ કરોડ રૂપિયા
-મધ્યાહન ભોજન માટે ૭૨ તાલુકામાં સેન્ટ્રલાઈઝ્ડ કિચન
-મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના માટે ૨૦૦ કરોડની ફાળવણી
-ખેડૂતોને વીજ સહાય માટે ૧૦ હજાર ૬૧૩ કરોડની જોગવાઈ
-ટ્રેક્ટર ખરીદી સહાય માટે ૮૦૦ કરોડની જોગવાઈ
-ઓજારોની ખરીદીમાં સહાય આપવા ૫૯૦ કરોડની જોગવાઈ
-ડ્રોન અને સીડ રિપ્લેસમેન્ટ રેટ યોજના માટે ૮૨ કરોડની જોગવાઈ
-નેનો ખાતર વપરાશ વધારવા ૭૩ કરોડની જોગવાઈ
-ડિજિટલ ક્રોપ સર્વેની નવી યોજના અંતર્ગત ૪૦ કરોડની જોગવાઈ
-ખેડૂત સુવિધા રથ માટે ૧૯ કરોડની જોગવાઈ
-૧૩ એગ્રી એક્સપોર્ટ ઝોનનો પ્રી-ફિઝીબિલિટી રીપોર્ટ તૈયાર કરવા આયોજન
-કચ્છ, અમદાવાદ, જુનાગઢ, વડોદરા, હાલોલમાં મેગા ફૂટ પાર્ક નિર્માણ કરાશે
-બાગાયત ખાતાની યોજના માટે ૬૦૫ કરોડની ફાળવણી
-જામનગરમાં નવી કૃષિ કોલેજ અને થરાદમાં કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપના થશે
-કૃષિ યુનિવર્સિટીઓ માટે ૧ હજાર કરોડની જોગવાઈ
-પ્રાકૃતિક કૃષિની પ્રવૃતિઓ માટે ૩૧૬ કરોડની જોગવાઈ
-નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ૯૦ કરોડની જોગવાઈ
-મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના માટે ૪૭૫ કરોડની જોગવાઈ
-મુખ્યમંત્રી નિશુલ્ક પશુ સારવાર યોજના હેઠળ ૪૫ કરોડની જોગવાઈ
-નવા ૨૫૦ સ્થાયી પશુ દવાખાના અને નવા ૧૫૦ ફરતા પશુ દવાખાના માટે ૩૪ કરોડની જોગવાઈ
-ગીર ગાયના સંરક્ષણ માટે પોરબંદરના ધરમપુરમાં સુવિધા માટે ૨૩ કરોડની જોગવાઈ
-૬૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવનારને વાર્ષિક ૧૨ હજારની સહાય
-આદિજાતિના સર્વાંગ વિકાસ માટે ન્યૂ ગુજરાત પેટર્ન યોજના
-આંગણવાડી યોજના માટે રૂ. ૨૭૪ કરોડની ફાળવણી
-પઢાઈ ભી પોષણ ભી યોજના માટે ૬૧૭ કરોડની જોગવાઈ
-પોષણલક્ષી યોજના માટે રૂ. ૮૨૦૦ કરોડની ફાળવણી
-ઘરનું ઘર સ્વપન સાકાર કરવા ૩ લાખ આવાસ પૂરા પાડવાનું આયોજન
-નવા ઘરની ખરીદી પર રૂ. ૧.૭૦ લાખની સબસિડી
-પેન્સનરોની ઘર આંગણે જ હયાતીની ખરાઈ કરી શકાશે
-એલડી સહિત ૬ કોલેજોમાં AI લેબ સ્થપાશે
-૪૧ લાખ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ
-મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના માટે ૬૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ
-શિક્ષણ વિભાગ માટે ૫૯ હજાર ૯૯૯ કરોડની જોગવાઈ
-શ્રમ-કૌશલ્ય અને રોજગાર વિભાગ માટે ૨,૭૮૨ કરોડની જોગવાઈ
-આરોગ્ય અને પરિવહન-કલ્યાણ વિભાગ માટે ૨૩,૩૮૫ કરોડની જોગવાઈ
-સામાજિક ન્યાય, અધિકારીતા વિભાગ માટે ૬,૮૦૭ કરોડની જોગવાઈ
-મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૭,૬૬૮ કરોડની જોગવાઈ
-અન્ન-નાગરિક અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે ૨,૭૧૨ કરોડની જોગવાઈ
-રમત-ગમત, યુવા-સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ માટે ૧,૦૯૩ કરોડની જોગવાઈ
-માર્ગ-મકાન વિભાગ માટે ૨૪,૭૦૫ કરોડ રૂપિયાની જોગવાઈ
-આદિજાતિ વિકાસ માટે ૫,૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ
-શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે ૩૦,૩૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ
-પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે ૧૩,૭૭૨ કરોડ રૂપિયા
-નર્મદા, જળસંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ માટે ૨૫,૬૪૨ કરોડ રૂપિયા
-ભાડભૂત બેરેજ યોજના માટે ૮૭૬ કરોડ રૂપિયાની જોગવાઈ
-૧૪૫૦ ડિલક્સ અને ૪૫૦ મીડી બસ એમ કુલ ૧૮૫૦ નવી બસ
-૨૦૦ પ્રીમિયમ એસી બસો અને ૧૦ કાર વાન મુકાશે
-એસટી બસના અકસ્માત નિવારવા માટે ઓડિયો-વીડિયો એલર્ટ સિસ્ટમ ગોઠવાશે
-નવલખી અને મગદલ્લા બંદર માટે ૨૫૦ કરોડ રૂપિયા
-યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૨,૭૪૮ કરોડ રૂપિયા
-માછીમારો માટે માળખાકીય સુવિધા ઉભી કરાશે
-તમામ જિલ્લાઓમાં પ્રવાસ વિકાસ સોસાયટીની કરાશે સ્થાપના
-દાહોદમાં નવું ગ્રીન ફિલ્ડ એયરપોર્ટ વિકસાવાશે
-પોરબંદર, ભાવનગર, સુરત એરપોર્ટના વિસ્તરણ માટે ૨૧૦ કરોડ રૂપિયા
-પારસી સર્કિટ, ક્રૂઝ ટુરિઝમ, બીચ હોટલ્સ માટે ૫૦ કરોડની જોગવાઈ
-નાના શહેરોને મોટા શહેરોનો હવાઈ માર્ગે જોડવા ૪૫ કરોડની જોગવાઈ

### લાલ કલરની બજેટ પોથીએ અનેરૂ આકર્ષણ જમાવ્યું

# બજેટ પોથીમાં આદિજાતિ તેમજ કચ્છની સંસ્કૃતિની ઝલક જોવા મળી



ગાંધીનગર, તા. ૨૦

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ વિધાનસભા ગૃહ ખાતે વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્યનું અંદાજપત્ર રજૂ કર્યું. વિધાનસભા ખાતે આવી પહોંચેલા નાણા મંત્રીના હાથમાં રહેલી લાલ કલરની બજેટ પોથીએ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું.

નાણા મંત્રીએ ગુજરાતના બજેટને કોઈ સમાન્ય બેગના સ્થાને ખાસ પ્રકારની આ લાલ પોથીમાં રાખ્યું હતું. આ પોથી ઉપર આદિજાતિ સંસ્કૃતિની ઓળખ સમી વારલી ચિત્રકલા અને કચ્છની ભાતીગળ આહીર ભરતની બોર્ડર અંકિત કરાયેલી છે. આ ઉપરાંત ભારતના રાજચિન્હ અશોક સ્તંભને પણ પોથી પર દર્શાવવામાં આવ્યો છે.

બજેટ પોથીમાં સમાવવામાં આવેલી વારલી એ લગભગ ૧૨૦૦ વર્ષ જૂની અને લુપ્ત થઈ રહેલી એક વિશેષ ચિત્રકલા છે. આ ચિત્રકલા મુખ્યત્વે ત્રિકોણ ગોળ અને ચોરસ જેવા જુદા-જુદા ભૌમિતિક આકારની મદદથી બનાવવામાં આવે છે. આ ભૌમિતિક આકારોની મદદથી ચૂલે રસોઈ કરતી સ્ત્રી, કૂવામાંથી પાણી સિંચતી સ્ત્રી કે પાણી ભરતી સ્ત્રી, ઘાસ કે લાકડાનો ભારો ઉચકીને લઈ જતી સ્ત્રી, સુપડાથી ધાન સાફ કરતી સ્ત્રી, લાકડા કાપતો પુરુષ, ખેતરમાં હળ હાંકતો પુરુષ, ગાડુ હાંકતો પુરુષ અને ઢોર ચારતા પુરુષ જેવી રોજ-બરોજની ઘટનાઓને ચિત્રાંકિત કરવામાં આવે છે.આ ઉપરાંત વિવિધ પાલતુ પશુઓ – ગાય, બળદ, કુતરા, બકરા તેમજ અન્ય પ્રાણીઓ સાથે વિવિધ પ્રકારના વૃક્ષો પણ ચીતરવામાં આવે છે. વધુમાં, પંચોલા દેવ, નાગદેવ, સૂર્યદેવ જેવા દેવી-દેવતાઓ ઉપરાંત પ્રસંગોપાત ચિત્રો પણ ચિતરવામાં આવે છે.

આ ઉપરાંત કચ્છની પ્રખ્યાત આહિર ભરત કલા કોટનના કપડા ઉપર ઉનથી ભરવામાં આવે છે. આ ભરત ભરતી વખતે ઉપર તથા નીચે એક જ સરખી ભાત પડે છે અને તેની ગાંઠ પણ દેખાતી નથી.

મોટાભાગે આ ભરત બહેનો દ્વારા ભરવામાં આવે છે. કચ્છમાં લગભગ ૧૦૦થી ૧૫૦ ઘરોમાં આ ભરત ભરવામાં આવી રહ્યું છે. મુખ્યત્વે ઢોરી, સુમરાસર, કુનરીયા, કોટાય અને ધ્રંગ જેવા વિવિધ ગામોમાં આ ભરતકામ થઈ રહ્યું છે.

# મધ્યમ વર્ગ માટે અમિત ચાવડાની સરકારને ગુહાર

### અન્ય રાજ્યોની જેમ લાડલી બહેન યોજના લાવોને ગુજરાતની બહેનોને માસિક રૂ.૩૦૦૦ની સહાય આપો

ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાની આગેવાની હેઠળ કોંગ્રેસ પાર્ટીના સાથી ધારાસભ્યો સાથે વિધાનસભા પરિસરમાં રાજ્ય સરકારના બજેટ અગાઉ પ્રજાલક્ષી માંગના સુત્રો સાથે વિધાનસભામાં માંગણીઓ કરવામાં આવી હતી.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા સહિતના નેતાઓએ બજેટ ચાલુ થતા પહેલા નીચેની માંગણીઓ કરી હતી.

● ગરીબ અને મધ્યમવર્ગને રૂ. ૫૦૦ માં ગેસનો બોટલ આપો

● સમાન કામ માટે સમાન વેતન લાગુ કરો અને કોન્ટ્રાક્ટ-આઉટસોર્સિંગ પ્રથા નાબુદ કરો

● SC/ST/OBC/ લઘુમતી વર્ગને વસ્તી પ્રમાણે બજેટ ફાળવો, અન્યાય અને ભેદભાવ દૂર કરો

● સરકારી વિભાગોમાં ખાલી જગ્યાઓની કાયમી ભરતી કરોઃ—અમિત ચાવડા

● અન્ય રાજ્યોની જેમ લાડલી બહેન યોજના લાવો ને ગુજરાતની બહેનોને માસિક રૂ. ૩૦૦૦ ની સહાય આપો

● ખેડૂતોના દેવા માફ કરો

● હીરા ઉદ્યોગ માટે અને રત્ન કલાકારો માટે આર્થિક પેકેજ જાહેર કરો

રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી કે હરિયાણા જ્યાં જ્યાં ચૂંટણી હોય ત્યાં ભારતીય જનતા પાર્ટી રાહતો માટેની રેવડીઓ માટેની જાહેરાતો કરે અને સરકાર આવ્યા પછી એના લાભ આપવાની શરૂઆત કરે છે.

અમિત ચાવડાએ ભારતીય જનતા પાર્ટીના શાસન સામે આક્રોશ ઠાલવતાં જણાવ્યું કે ગુજરાતમાં ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારનું શાસન છે. ગુજરાતની મહિલાઓને ૫૦૦ રૂપિયામાં ગેસનો બાટલો કેમ નથી આપવામાં આવતો? મોંઘવારીનો માર સહન કરતી મહિલાઓને ૫૦૦ રૂપિયામાં ગેસનો બાટલો મળે, ગુજરાતના યુવાનો રોજગાર ઝાંખી રહ્યા છે, કોન્ટ્રાકટ, આઉટસોર્સિંગ પ્રથામાં શોષણ થઈ રહ્યું છે, ત્યારે કોન્ટ્રાકટ, આઉટસોર્સિંગ પ્રથા નાબુદ કરવામાં આવે, સમાન કામ, સમાન વેતનથી કર્મચારીઓને સન્માન સાથેની નોકરીઓ આપવામાં આવે, ખાલી જગ્યાઓ ઉપર તાત્કાલિક ભરતી કરવામાં આવે, જે કર્મચારીઓને ઓ.પી.એસ.નો લાભ નથી મળ્યો એમને ઓ.પી.એસ.નો લાભ આપવામાં આવે. લાડલી બહેનોના નામે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર મહિલાઓને મદદ કરે છે તો ગુજરાતની બહેનોને પણ માસિક ત્રણ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે.

### પ્રધાનમંત્રી આવાસ યોજનાથી પ્રજાના સપના સાકાર થયાઃ સીએમ

# "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું" બજેટ ગણાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ‘‘વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું’’-ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા આ બજેટને તેમણે વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. આ માટે રૂ. ૫૦ હજાર કરોડના પ્રાવધાન સાથે વિકસિત ગુજરાત ફંડની સ્થાપનાને તેમણે મહત્વપૂર્ણ ગણાવી છે.રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તૂલનાએ ૨૧.૮% નો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. અત્યાર સુધીમાં વિકાસની રાહ પર જ્યાં ગુજરાત છે તેનાથી વધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટમાં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવીટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓને આવકારતા જણાવ્યું હતું કે, વિકસિત ગુજરાત માટે છ રિજીયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત રિજન, અમદાવાદ રિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ ગ્રોથ હબ બનાવવાનું આ બજેટમાં પ્રાવધાન છે. મુખ્યમંત્રીએ સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે આ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપી હતી.

### ગુજરાત બજેટ ૨૦૨૫

# ઉદ્યોગ માટે ગુજરાત સરકારે ખોલ્યો પટારો! પ્રવાસનની ઊંચી ઉડાનનો રોડમેપ

ગાંધીનગર, તા.૨૦

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યું છે. જેમાં પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે ૨૭૪૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, પ્રવાસન ક્ષેત્રે ‘ગુજરાત ટૂરિઝમ પોલિસી’, ‘હેરિટેજ ટૂરિઝમ પોલિસી’ તેમજ ‘ગુજરાત હોમસ્ટે પોલિસી’ જેવી અનેક નવી પહેલને લીધે ગુજરાતે ઉત્તમ યજમાન તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ ઊભી કરેલ છે.

જીલ્લા સ્તરે પ્રવાસનને વેગ આપવા રાજ્યના તમામ જીલ્લાઓમાં જીલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની સ્થાપના કરવામાં આવનાર છે.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ વિવિધ ધાર્મિક કામોના વિકાસ માટે ૨૧૫ કરોડની જોગવાઇ.

ઉડ્ડયન ક્ષેત્રે દાહોદ ખાતે નવા ગ્રીનફીલ્ડ એરપોર્ટ વિકસાવવા તેમજ પોરબંદર, ભાવનગર, સુરત, વડોદરા ખાતેનાં હયાત એરપોર્ટનાં વિસ્તરણ માટે ૨૧૦ કરોડની જોગવાઇ.

સુરત ઈકોનોમિક રીજીયન ખાતે હોટેલ અને બીચ રિસોર્ટ, પારસી સર્કીટ, ક્રુઝ ટુરિઝમ, બીચ હોટેલ્સ, થીમ પાર્ક, ઈકો-ટુરિઝમ એકટીવિટી માટે ૫૦ કરોડની જોગવાઇ.

નાના શહેરો/આંતરીક વિસ્તારોને મોટા શહેરો અને મહત્વના વિસ્તારો સાથે હવાઈ માર્ગે જોડવાના ધ્યેય સાથે Viability Gap Funding યોજના હેઠળ ૪૫ કરોડની જોગવાઇ.

ભારત સરકારના ‘‘ઉડે દેશ કા આમ નાગરીક’’(ઉડાન)ના વિઝન અંતર્ગત Regional Connectivity Schemeના માધ્યમથી એર કનેક્ટિવિટી પૂરી પાડવા માટે ૩૦ કરોડની જોગવાઇ.

પ્રવાસન સ્થળોએ વિવિધ નવી સર્કિટ તથા વે સાઇડ પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા ૧૫ કરોડની જોગવાઇ. ગુજરાતે નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની સાથોસાથ રોકાણકારોને આકર્ષિત કરવા સ્જીસ્ઈ, મેન્યુફેકચરીંગ અને સ્ટાર્ટઅપ માટે નવી નીતિઓ અમલમાં મૂકી છે. જેને કારણે આજે ધમધમતુ અર્થતંત્ર એ ગુજરાતની ઓળખ બની ગયેલ છે. ખાસ આર્થિક ઝોન અને નાણાકીય હબ દ્વારા વૈશ્વિક રોકાણને આકર્ષવા, ઈન્ડ્રસ્ટીયલ પાર્ક, કલસ્ટર ડેવલપમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રકચર સુધારણા તેમજ રોજગારી અને સ્કીલ ડેવલપમેન્?ટ જેવા ક્ષેત્રમાં સરકાર સતત આગળ વધી રહી છે.

અંકલેશ્વર, સરીગામ, વાપી અને સુરત ખાતેના ચાલુ તેમજ અમદાવાદ, જંબુસર અને સાયખા ખાતેના નવા ડીપ-સી પ્રોજેક્ટ માટે ૭૮૫ કરોડની જોગવાઇ.

ભરૂચના જંબુસર ખાતે બલ્ક ડ્રગ પાર્ક વિકસાવવા માટે ૨૯૦ કરોડ તેમજ ૪૨ કી.મી. લાંબી પાઈપલાઈન થકી રો વોટર સપ્લાય માટે ૨૨૫ કરોડ એમ કુલ ૫૧૫ કરોડની જોગવાઇ.

પી.એમ.મિત્ર પાર્ક હેઠળ ભારત સરકાર સાથે નવસારી ખાતે PPPના ધોરણે આસિસ્ટન્ટ્સ ફોર રો વોટર સપ્લાય પાઈપલાઈન પ્રોજેક્ટ માટે ૩૦૦ કરોડની જોગવાઇ.

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન ખાતે ઈન્ટીગ્રેટેડ રેસીડેન્સીયલ ટાઉનશીપ તેમજ સામાજીક માળખાગત સુવિધાઓ જેવી કે; હોસ્પિટલ, સ્કૂલ, ફાયર સ્ટેશન માટે અંદાજિત ૨૦૦ કરોડની જોગવાઇ.

ગુજરાત ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીકસ અને લોજીસ્ટીક ફેસીલીટીઝને સહાય યોજના-૨૦૨૧ અંતર્ગત ૨૫ કરોડની જોગવાઇ.

કુટિર અને ગ્રામોદ્યોગ પ્રભાગ માટે ૮૯૦ કરોડની જોગવાઇ.

કુટિર, ગ્રામોદ્યોગ, હાથશાળ-હસ્તકલા અને ખાદી ક્ષેત્ર સાથે સંકળાયેલા કારીગરો માટે સ્વરોજગારીની તેમજ આજીવિકાની તકો ઊભી કરી તેમની આવક અને જીવનધોરણમાં સતત સુધારો કરી વોકલ ફોર લોકલને આગળ ધપાવવા રાજ્ય સરકાર સક્રીય રીતે કામ કરી રહી છે.

હસ્તકલા અને હાથશાળની ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરતી સહકારી મંડળીઓને પેકેજ યોજના અંતર્ગત ?૭૬ કરોડની જોગવાઇ.ખાદી ઉત્પાદન સાથે સંકળાયેલ કારીગરો તેમજ સંસ્થાઓને ખાદી ઉત્પાદન પર સહાય માટે ?૫૧ કરોડની જોગવાઇ.

માનવ કલ્યાણ યોજના અન્વયે ઈ-વાઉચર મારફત લાભાર્થીઓને ટુલકીટ સ્થાનિક કક્ષાએ મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવા ૨૫ કરોડની જોગવાઇ.

# ગુજરાતમાં બે નવા બે એક્સપ્રેસ-વે બનાવવાની બજેટમાં જાહેરાત

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડનું બજેટ રજુ કરવામાં આવ્યું છે. આ બજેટમાં રોજ રસ્તા અને પ્રવાસન ક્ષેત્રોને લઈને અનેક જાહેરાત કરવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે આ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપી છે.

બજેટમાં બે નવા એક્સપ્રેસ-વે અંગે જાહેરાત કરવામાં આવી છે. જેમાં બનાસકાંઠાને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા સાથે જોડતા ડીસાથી પીપાવાવ રસ્તાને ‘‘નમોશક્તિ એક્સપ્રેસ-વે’’ તરીકે વિકસાવવામાં આવશે. આ ઉપરાંત અમદાવાદથી રાજકોટ અને તેનું એક્ષટેન્શન દ્વારકા, સોમનાથ તથા પોરબંદર જેવા ધાર્મિક, પ્રવાસન સ્થળો અને બંદરોને જોડતાં ‘‘સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે’’ તરીકે વિકસાવવામાં આવશે.આ અંગે મુખ્યમંત્રીએ બજેટ બાદ કહ્યું કે, ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે. એટલું જ નહિ, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાના પ્રાવધાન અંગે જણાવ્યું હતું કે આ માર્ગોના વિકાસથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ કનેક્ટિવીટી મળશે.

### નાગરિકોને શું મળશે?

# મોટા શહેરોના વિકાસ માટે બજેટમાં ખાસ જાહેરાતો

ગાંધીનગર, તા.૨૦

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યું છે. જેમાં તેમણે જણાવ્યું કે, અમારી સરકાર નાગરિકોને કેન્દ્રમાં રાખી સ્માર્ટ, સ્વચ્છ, સુંદર અને આધુનિક સમયને અનુરૂપ પસંદગીના શહેરો બનાવવા માટે પ્રતિબદ્ધ છે. શહેરી માળખાગત સુવિધાઓ માટેની અગત્યની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટેની જોગવાઇ રૂ.૮,૮૮૩ કરોડથી વધારીને રૂ.૧૨,૮૪૭ કરોડ કરવામાં આવી છે.

- શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે ૩૩૫૩ કરોડની જોગવાઇ.

- ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ માટે ૨૭૩૦ કરોડની જોગવાઇ.

- અમૃત ૨.૦ મિશન હેઠળ પાણી પુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે ૧૯૫૦ કરોડની જોગવાઇ.

- શહેરોમાં વિવિધ વિકાસ કાર્યો માટે ૧૫મા નાણાપંચ હેઠળ ૧૩૭૬ કરોડની જોગવાઇ.

- પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અને પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦હેઠળ શહેરી ગરીબોને આવાસ પૂરા પાડવા માટે ૧૩૫૦ કરોડની જોગવાઇ.

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગુજરાત રેઝિલિયન્ટ સિટીઝ પાર્ટનરશિપ પ્રોગ્રામ માટે અને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટે પેરી-અર્બન લિવેબિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ બાહ્ય ભંડોળ માટે ૧૦૦૦ કરોડની જોગવાઇ.

- સ્વચ્છ ભારત મિશન ૨.૦ અને નિર્મળ ગુજરાત ૨.૦ જેવી યોજનાઓમાં ‘‘સ્વચ્છ શહેર, સુંદર શહેર’’ યોજના અંતર્ગત શહેરી વિસ્તારોમાં બ્યુટિફિકેશન, શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે ૮૦૮ કરોડની જોગવાઇ.

- શહેરી વિસ્તારોને રેલ્વે ક્રોસિંગ મુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવર બ્રિજ/અંડર બ્રિજ બનાવવા માટે ૫૩૫ કરોડની જોગવાઇ.

- સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો માટે ૨૫૩ કરોડની જોગવાઇ.

- અમદાવાદમાં SVP સ્પોર્ટ્સ એન્ક્લેવના વિકાસ માટે ૨૫૦ કરોડની જોગવાઇ.

- મુખ્યમંત્રી ગ્રીન રીંગ રોડ યોજના હેઠળ મુખ્ય શહેરોમાં ગ્રીન રીંગ રોડ વિકસાવવા માટે ૨૦૦ કરોડની જોગવાઇ.

- આઈકોનિક રસ્તાઓના વિકાસ માટે ૨૦૦ કરોડની જોગવાઇ.

- ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસ યોજના હેઠળ ધાર્મિક નગરોના વ્યૂહાત્મક માળખાગત વિકાસ માટે ૨૦૦ કરોડની જોગવાઇ.

- ૧૨ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર માટે ૧૮૦ કરોડની જોગવાઇ.

- રાજ્યમાં અગ્નિશામક સેવાઓ માટે એક રાજ્ય એક કેડરની સ્થાપના દ્વારા અગ્નિશામક અને કટોકટી સેવાઓને મજબૂત બનાવવામાં આવશે. રાજ્ય અગ્નિશામક મુખ્યાલય અને નવા મોડેલ ફાયર સ્ટેશનોની સ્થાપના માટે ૧૬૦ કરોડની જોગવાઇ.

- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ ૧૨૦ કરોડની જોગવાઇ.

- અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે હાલમાં ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ સાથે હવે જામનગર, જૂનાગઢ, ભાવનગર, ગાંધીનગર અને ભરૂચ-અંકલેશ્વર માટે સ્ટેટ ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ માટે ૧૦૦ કરોડની જોગવાઇ.

- ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે ૭૨ કરોડની જોગવાઇ.

- પી.એમ. ઈ-બસ યોજના હેઠળ ડેપો ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ૫૬ કરોડની જોગવાઇ.

- સેટેલાઈટ ટાઉનશીપ વિકસાવવા માટે ૫૦ કરોડની જોગવાઇ.

- વડોદરા અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ કન્વેન્શન સેન્ટર વિકસાવવા માટે ૫૦ કરોડની જોગવાઇ.

- શહેરી આયોજન ક્ષેત્રમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે તથા સ્પેશિયલ પ્રોજેક્ટ સેલ અને આયોજન પોર્ટલની સ્થાપના માટે ૧૪ કરોડની જોગવાઇ.

- ગુજરાત અર્બન એટલાસ હેઠળ મિલકતો અને ઉપયોગિતાઓના GIS મેપિંગ અને મુખ્ય શહેરી પ્રોજેક્ટ માટે ૧૦ કરોડની જોગવાઇ.

### ૮૦૦ જેટલાં વિદ્યાર્થીઓ, વાલીઓના જીવ તાળવે ચોંટી ગયા

# સુરતની સરસ્વતી વિદ્યાલયમાં ACમાં ભડાકો થતા લાગી આગ

સુરત, તા. ૨૦

સુરતમાં આગના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે અશ્વિનીકુમાર રોડ પર આવેલી સરસ્વતી વિદ્યાલયમાં ACમાં બ્લાસ્ટ થતાં ધડાકા સાથે આગ લાગી ગઈ હતી. જેના પગલે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.

વાલીઓને ઘટનાની જાણ થતાં તેઓ પણ સ્કૂલે દોડી આવ્યા હતા. આ ઘટના વખતે સ્કૂલમાં હાજર લગભગ ૮૦૦ જેટલાં વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. ત્યારબાદ સ્કૂલમાં તાત્કાલિક વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબુ મેળવી લીધો હતો.સુરતના અશ્વિનીકુમાર રોડ પર ગૌશાળા સર્કલ પાસે આવેલી સરસ્વતી વિદ્યાલયમાં સવારે ૯.૨૧ કલાકે લાઈબ્રેરીમાં એસી મા બ્લાસ્ટ બાદ આગ લાગી ગઈ હતી. આસપાસના ક્લાસરૂમમાં રહેલા તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક નીચે ઉતારી દેવામાં આવ્યા હતા.

જોકે આ આગ લાગી હોવાની જાણ થતા જ સરસ્વતી વિદ્યાલયના સંચાલકો દ્વારા સ્કૂલમાં બાળકોને રજા પણ આપી દેવામાં આવી હતી. આ સાથે જ નજીકમાં જ રહેતા વાલીઓને જાણ થતા સ્કૂલે દોડી આવ્યા હતા. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાના અહેવાલ હજુ સુધી મળ્યાં નથી. તમામ બાળકો સહી સલામત છે.સુરત ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ઘાંસીશેરી કતારગામ અને કાપોદરાની ફાયર સ્ટેશનની ગાડીઓ તાત્કાલિક સરસ્વતી વિદ્યાલયમાં પહોંચી ગઈ હતી. ત્રણ ફાયર સ્ટેશનની છ થી વધુ ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

# હવે ઘરના ઘરનું સપનુ થશે સાકાર, બજેટમાં સરકારે કરી મોટી જાહેરાત

ગાંધીનગર, તા.૨૦

નાણા મંત્રી કનુ દેસાઈ ગૃહમાં બજેટ રજુ કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે, ગરીબ અને વંચિતોના વિકાસ માટે સરકાર આવાસ, અન્નસુરક્ષા, પોષણ વગેરેને અગ્રિમતા આપે છે. આ બજેટમાં ''ઘરનું ઘર'' સ્વપ્નને પરિપૂર્ણ કરવા ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓમાં હાલની ૧ લાખ ૨૦ હજારની સહાયમાં મકાનદીઠ ૫૦ હજારના માતબર વધારા સાથે ૧ લાખ ૭૦ હજાર કરવાની જાહેરાત કરું છું.

શ્રમ-કૌશલ્ય અને રોજગાર વિભાગ માટે ૨,૭૮૨ કરોડની જોગવાઈ, આરોગ્ય અને પરિવહન-કલ્યાણ વિભાગ માટે ૨૩,૩૮૫ કરોડની જોગવાઈ, સામાજિક ન્યાય, અધિકારીતા વિભાગ માટે ૬,૮૦૭ કરોડની જોગવાઈ, મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૭,૬૬૮ કરોડની જોગવાઈ, અન્ન-નાગરિક અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે ૨,૭૧૨ કરોડની જોગવાઈ, રમત-ગમત, યુવા-સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ માટે ૧,૦૯૩ કરોડની જોગવાઈ, માર્ગ-મકાન વિભાગ માટે ૨૪,૭૦૫ કરોડ રૂપિયાની જોગવાઈ, આદિજાતિ વિકાસ માટે ૫,૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ, શહેરી-ગૃહ નિર્માણ વિભાગ માટે ૩૦,૩૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ, પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે ૧૩,૭૭૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ હતી.

૪૧ લાખ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના માટે ૬૧૭ કરોડ, શિક્ષણ વિભાગ માટે ૫૯ હજાર ૯૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.શ્રમિકોને નજીવા દરે ભોજન મળી રહે તે હેતુથી ''શ્રમિક અન્નપૂર્ણા યોજના'' હેઠળ ૨૯૦ કેન્દ્રો કાર્યરત છે. જરૂરિયાત પ્રમાણે શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો વ્યાપ ઔધોગિક વિસ્તારમાં અને બાંધકામ વિસ્તારમાં વધારવામાં આવશે. શ્રમિકોને કામના સ્થળની નજીક પાયાની સુવિધાઓ સાથે રહેઠાણની વ્યવસ્થા મળી રહે તે હેતુથી ''મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના'' માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# સ્ટેટ ટ્રાન્સપોર્ટ અને મેનેજમેન્ટ માટે માર્ગદર્શક સુપ્રિમ કોર્ટનો ઐતિહાસિક ચૂકાદો - હસમુખ દવે

રાજકોટ, તા.૨૦

ભારતીય મજદૂર સંઘની યાદી જણાવે છે કે તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તા.૧૪ ના રોજ જે ચૂકાદો આપેલ છે તે ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ડ્રાઈવરો માટે એક માર્ગદર્શક બનશે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન મુંબઈ ખાતે મહાદેવ કે.નાયક ડ્રાઈવર તરીકે તા.૧૯-૪-૧૯૮૮ થી નોકરી કરતા હતા અને તા.૨૫-૫-૧૯૯૭ ના રોજ ડીસમીસ કરવામાં આવેલ હતા.

તા.૧૦-૫-૧૯૯૬ ના રોજ ચાલુ નોકરી દરમ્યાન રાત્રીના ૧૦ વાગ્યે સામેથી આવતા ટ્રક સાથે અથડાતા અકસ્માત થયેલ હતો. આ અકસ્માતને કારણે પેસેન્જરો ગુજરી ગયા અને ૧૦ ઘાયલ થયા. બસને રૂા.૪૫૦૦૦ નુ નુકસાન થયુ. ખાતાકીય તપાસ પછી તા.૨૭-૫-૧૯૯૭ ના રોજ કોર્પોરેશને નાયકને ડીસમીસ કરેલ હતા. આના પર અપીલ કરતા તે રદ કરવામાં આવેલ. પુનઃસ્થાપિત માટે લેબર કોર્ટ, મુંબઈ છુટા કરવાના હુકમ સાથે કેસ દાખલ કરેલ હતો. લેબર કોર્ટે ડીસમીસ કરવાનો હુકમ કાયમ રાખેલ અને રેફરન્સ રદ કરેલ. જેની સામે હાઈકોર્ટમાં રીટ પિટીશન દાખલ કરતા હાઈકોર્ટે લેબર કોર્ટના ચૂકાદાને માન્ય રાખેલ હતો.

# રાજકોટ મનપાની ૩૬૪ આંગણવાડીઓમાં બાળ દિવસ ઉજવાયો

રાજકોટ, તા.૨૦

રાજકોટ મનપાની ૩૬૪ આંગણવાડી કેન્દ્રો ખાતે તા.૧૮ ના રોજ થીમ બેઈઝ બાળ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રકૃતિ પરિચયના સમન્વય સાથે આંગણવાડીના બાળકો ઉત્સાહભેર આ બાળ દિવસની ઉજવણીમાં જોડાયા હતા.

રાજકોટ મનપાના આઈસીડીએસ વિભાગના ચેરમેન દિલીપ લુણાગરીયા, નાયબ કમિશનર મહેશ જાની અને રાજકોટ અર્બન મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રોગ્રામ ઓફિસર દેસાઈ શારદાના માર્ગદર્શન હેઠળ બાળ દિવસની ઉજવણી કરવામાં આવેલ. જેમાં પ્રોગ્રામ ઓફિસર બાળ વિકાસ અધિકારી, મુખ્ય સેવિકા, ડિસ્ટ્રીકટ પીએસસી ઈન્સ્ટ્રકટર, પીએસઈ ઈન્સ્ટ્રકટર હાજર રહ્યા હતા. આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા આંગણવાડી કેન્દ્રો ખાતે અપાતી ૬ સેવાઓ પૈકી પ્રોજેકટ પા..પા..પગલીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. જેમાં જે બાળકોનો જન્મદિવસ ફેબ્રુઆરી માસમાં આવે છે તે બાળકના જન્મ દિવસની ઉજવણી કેક કટીંગ કરીને કરવામાં આવેલ છે. તેમજ બાળકોને પ્રકૃતિનો પરિચય થાય એ માટે આંગણવાડીના બાળકોને તા.૧૮ ના રોજ બાળકોના વાલીઓનુ સંમતી પત્રક સાથે રેસકોર્સ, બાલભવન, આંગણવાડીથી નજીકના ગાર્ડન, તેમજ નજીકની વાડીઓમાં લઈ જઈને બાળકોને પ્રકૃતિ સાથે રમે-ખેલે અને કંઈક નવુ જાણે એવા હેતુથી આ પ્રવાસનુ આયોજન કરવામાં આવેલ હતુ. બાળકો જાણે પ્રકૃતિના ખોળે ખેલતા હોય એવુ દ્રશ્ય જોવા મળેલ હતુ.

# આરઆરઆર સેંટરમાં શહેરના નાગરીકોએ દાનનો દરીયો વહાવ્યો

### નાગરીકો તરફથી પુસ્તકો, રમકડા, બુટ તથા કપડા વગેરે વસ્તુઓ ભેટમાં મળી



રાજકોટ, તા.૨૦

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત રાજકોટ મનપા દ્વારા આવા ઉમદા આશય સાથે શહેરમાં કુલ પાંચ સ્થળોએ આરઆરઆર કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. જેમાં વોર્ડ નં.૯ માં બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી, ચંદન પાર્ક મેઈન રોડ, વોર્ડ નં.૨ માં દતોપંત ઠેંગડી પુસ્તકાલય, શ્રોફ રોડ, વોર્ડ નં.૪ માં ચાણક્ય પુસ્તકાલય, ગોવીંદ બાગ શાકમાર્કેટ પાસે, પેડક રોડ, રૈયાધાર એમ.આર.એફ. સેન્ટર અને કે.ડી.એફ.ની બાજુમાં એમ.આર.એફ. સેન્ટર બનાવવામાં આવેલ.

આ કેન્દ્રો શરૂ કરવાનો ઉદ્દેશ ગરીબ વર્ગના જરૂરીયાતમંદ લોકોને ઉપયોગી ચીજવસ્તુઓ ઉપલબ્ધ બનાવી તેઓના ચહેરા પર સ્મિત લાવવામાં મદદરૂપ થવાનો છે. સમાજમાં વાંચન પ્રવૃતિને પ્રોત્સાહન મળે. આંગણવાડીઓના બાળકોને રમકડા મળી રહે તથા જરૂરીયાતમંદ ગરીબ લોકોને કપડા અને બુટ જેવી ચીજવસ્તુઓ ઉપલબ્ધ બનાવવા માટેના આ અભિયાનને નાગરીકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં નાગરીકો તરફથી ૧૧૩૭૪ પુસ્તકો, ૧૦૯૬ રમકડા, ૫૮૮ જોડી બુટ તથા ૬૬૧૦ કપડા મળી કુલ ૧૯૬૪૧ વસ્તુઓ ભેટમાં મળેલ છે.

### ભરૂચના નર્મદા મૈયા બ્રિજ ઉપર

# આપઘાત કરવા જતી મહિલાને જોવાની લાહ્યમાં ૪ વાહનો અથડાયા

ભરૂચ, તા.૨૦

ભરૂચની પવિત્ર નર્મદા નદી ઉપર વાહન વ્યવહારને લઈ નર્મદા મૈયા બ્રિજનું નિર્માણ કર્યુ છે પરંતુ નર્મદા મૈયા બ્રિજ સુસાઈડ પોઈન્ટ બની ગયો હોય તેમ વધુ એક મહિલા ગત મોડી રાત્રે નદીમાં કૂદવા જતાં કાર ચાલકે જોવા માટે બ્રેક લગાવતા તેની પાછળ અન્ય ૪ વાહન ચાલકો એક પછી એક અથડાયા હતા.જેના કારણે વાહનોની લાંબી કતારો જામી હતી. અંકલેશ્વર-ભરૂચને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર ગઈકાલે રાત્રે એક મહિલા નદીમાં કૂદવા માટે દોડી રહી હતી.તે ઘટનાને નિહાળવા માટે એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવી રહેલા ૪ વાહનો એક પછી એક અથડાતા અકસ્માત થયો હતો. અકસ્માતને પગલે બ્રિજ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જી હતી. આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી વાહન વ્યવહાર પુનઃ શરૂ કરાવ્યો હતો. સમગ્ર ઘટનામાં નર્મદા મૈયા બ્રિજ પર કૂદવા આવેલી મહિલા ને પોલીસના હવાલે કરતા પોલીસે પરિવારનેસમજાવટ કરી મામલાનેથાળે પાડયો હતો.

# નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પ

રાજકોટ, તા.૨૦

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનુ આયોજન સૌરાષ્ટ્રના સ્વાતંત્ર સૈનિક અનંતરાય નરભેરામની સ્મૃતિમાં રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ પુષ્ય નક્ષત્રના દિવસે સુવર્ણ પ્રશાન કેમ્પનુ આયોજન દર પુષ્ય નક્ષત્રના દિવસે સાંજના ૫.૩૦ થી ૬.૩૦ વાગ્યા સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં ૧૧૩-મારૂતિ નંદન, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, પહેલા માળે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવે છે. ડો.રાવલ વિનામુલ્યે એક માસથી દસ વર્ષ સુધીના બાળકને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવશે રસ ધરાવનારને લાભ લેવા જણાવાયુ છે.

# બજેટને આવકારતા સાંસદ વિનોદ ચાવડા

રાજકોટ, તા.૨૦

ખેડૂતો યુવાને અને મહિલાઓને આકર્ષિત કરતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું બજેટ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ રજૂ કર્યુ હતુ. જેને કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ આવકારતા જણાવ્યું હતુ કે ૩.૭૦ લાખ કરોડનુ ગુજરાતના સર્વાંગી વિકાસ દર્શાવતુ બજેટ આરોગ્ય, શિક્ષણ, ધર્મ સ્થળોનો વિકાસ, આદિજાતિ, ઉર્જા, દરેક ક્ષેત્રને આવકારતુ પ્રજાહિત લક્ષી બજેટ છે. શિક્ષણ વિભાગ માટે ૫૯,૯૯૯ કરોડ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે ૬૮૦૭ કરોડ, આરોગ્ય વિભાગ માટે ૨૩,૩૮૫ કરોડ, મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે ૭૬૬૮ કરોડ, અન્ન નાગરિક પુરવઠા વિભાગ માટે ૨૭૧૨, રમત-ગમત-યુવા વિભાગ માટે ૧૦૯૩ કરોડની જોગવાઈ. આંગણવાડી માટે ૨૭,૪૪,૮૨૭ કરોડની જોગવાઈ, ૩ લાખથી વધુ આવાસ બનાવશે.મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના માટે ૪૭૫ કરોડ પશુ આરોગ્ય સેવાઓ માટે નવા ૨૫૦ પશુ દવાખાના બનશે, કચ્છ, અમદાવાદ, જુનાગઢ ખાતે મેગા ફૂડ પાર્કનુ આયોજન, ખેડૂતોને વીજ સહાય માટે ૧૦,૬૧૩ કરોડ, ખેડૂતોને ટ્રેકટર ખરીદી સહાય માટે ૮૦૦ કરોડ, જે. આવકારવા દાયક છે તેમ ચાવડાએ જણાવ્યું હતુ.

# રાજકોટ ચેમ્બર ખાતે ૨૪મીએ અવેરનેસ સેમિનાર યોજાશે

રાજકોટ, તા.૨૦

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સીજીએસટી રાજકોટના સંયુકત ઉપક્રમે જીએસટી એમેનેસ્ટી સ્કેમ અંગે નિ:શુલ્ક અવેરનેશ સેમીનારનુ આયોજન તા.૨૪ સોમવારના રોજ સાંજના ૫ વાગ્યે રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. જેમાં સીજીએસટીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં મર્યાદિત સંખ્યા હોવાથી રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે માટે આપેલ લિંક ઉપરથી અથવા રાજકોટ ચેમ્બરના ઈ-મેઈલ રાજકોટચેમ્બર તથા ફોન નં.૨૨૨૭૪૦૦ તથા ૨૨૨૭૫૦૦ તથા મો.૭૩૮૩૧૨૭૪૦૦ પર રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે. તેમ રાજકોટ ચેમ્બરની યાદીમાં જણાવેલ છે.

# ગાંધી દર્શન સમિતિ (કેરલ)ના ૪૪ સભ્યોએ ગાંધી મ્યુઝિયમની મુલાકાત લીધી



રાજકોટ, તા.૨૦

ગાંધી દર્શન સમિતિના કુલ-૪૪ સભ્યો કેરલના વિવિધ જિલ્લાઓમાંથી ગુજરાત પ્રવાસે આવ્યા છે. આ સમિતિ ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ગુજરાતના મહત્વપૂર્ણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લઈ રહી છે. આ સમિતિના સભ્યોએ રાજકોટના મહાત્મા ગાંધી મ્યુઝિયમ રાજકોટની મુલાકાત લીધી છે.

ગાંધીજીના જીવન અને સંઘર્ષને અનુભવવા માટે મહાત્મા ગાંધી મ્યુઝીયમ રાજકોટની મુલાકાત તેમના માટે મહત્વપૂર્ણ રહી. ઉપરાંત સમિતિ દ્વારા પ્રવાસ દરમિયાન સમિતિએ સાબરમતી આશ્રમ, દાંડી, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિગેરે સ્થળોની તેમજ પોરબંદર, દ્વારીકા વિગેરે શહેરોની પણ મુલાકાત લેનાર છે. આ પ્રવાસનો મુખ્ય હેતુ મહાત્મા ગાંધીજીના વિચારો અને વારસાને વધુ નજીકથી સમજવો અને અનુસરવાનો છે.

## મોરબીમાં બાઈક ચોરાયું

(રવિ નિમાવત દ્વારા) મોરબી તા.૨૦:શહેરની આલાપ સોસાયટીના ગેટ પાસે રાખેલ ૪૦ હજારની કિમતનું બાઈક અજાણ્યો ઇસમ ચોરી કરી જતા બનાવ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે મોરબીના એસ.પી. રોડ આઇશ્રી હાઈટ્સના ફ્લેટ નં ૬૦૩ માં રહેતા સચીનભાઈ ઘનશ્યામભાઈ ઉભડીયાએ અજાણ્યા ચોર ઇસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આલાપ સોસાયટીના મેઈન ગેટ પાસે ગત તા. ૧૭-૧૨-૨૪ ના સવારથી સાંજ સુધી બાઈક રાખેલ હતું જે ૪૦ હજારની કિમતનું બાઈક અજાણ્યો ઇસમ ચોરી કરી ગયો છે સીટી એ ડીવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# ગુજરાતના સરકારી કર્મચારીઓએ સમયસર ઓફિસ પહોંચવું પડશે

અમદાવાદ,તા.૨૦

સરકારી નોકરી કરતાં કર્મચારીઓ માટે ગુજરાત સરકારે એક મોટો નિર્ણય લીધો છે. બજેટ પહેલા સરકારી કર્મચારીઓની હાજરીને લઈ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. સરકારી કર્મચારીઓએ સમયસર ઓફિસ પહોંચવું પડશે. જી હા...હવે રોજ સવારે ૧૦:૪૦ સુધી કર્મચારીઓએ ઓફિસ પહોંચવાનું રહેશે. જ્યારે ઓફિસ છોડવાનો સમય સાંજે ૬:૧૦ નો રહેશે. સવારે સમય કરતા મોડા અને સાંજે વહેલા જતા કર્મચારીઓની રજા કપાશે. આવાં કર્મચારીઓના અડધા દિવસની રજા કાપવાનો પણ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિર્ણય લેવાયો છે.

નોંધનીય છે કે ગુજરાત સરકારે સરકારી કચેરીઓમાં કર્મચારીઓએ સમયસર હાજરી માટે ડીજીટલ એટેડન્સ સિસ્ટમનો અમલ કર્યો હતો. આ નિર્ણયનો સરકાર દ્વારા અમુક નિશ્ચિત કચેરીઓમાં જ અમલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તમામ સરકારી કચેરીઓમાં તેનો અમલ કરવામાં આવશે તેવું કહેવામાં આવ્યું હતું. પરંતુ આજે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મોડા આવતા અને વહેલા ઘરે જતા રહેતા કર્મચારીઓ માટે કઠોર નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ ગુજરાત સરકાર દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. સરકારના આ પરિપત્ર અનુસાર સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ તેમની જગ્યાએ હાજર રહેવામાં નિયમિતતા તથા શિસ્ત જાળવે તેમજ સરકારી કામકાજમાં કાર્યક્ષમતા વધે, નિયમિત અને નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા કર્મચારીઓ પ્રોત્સાહિત થાય તે હેતુસર સરકારી કચેરીઓ માટે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

સરકારી કચેરીઓમાં કર્મચારીઓના મોડા આવવાની અથવા અનિયમિત હોવાની ઘણી ફરિયાદો, મીડિયા અહેવાલો બાદ સરકાર લાંબા સમયથી સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરીનું વધુ સારી રીતે અને સરળતાથી નિયમન થાય તે માટે તેમજ મોડા આવનાર અધિકારીઓ-કર્મચારીઓ ઉપર નિયંત્રણ રહે તે માટે ડિજિટલ અટેન્ડન્સ સિસ્ટમની વ્યવસ્થા દાખલ કરવાની વિચારણા કરી રહી હતી. હવે આ સંદર્ભમાં આજે એક મોટો નિર્ણય લઈને ગુલ્લીબાજ કર્મચારીઓને સીધો સંદેશ આપી દીધો છે.

### પોર્ટુગીઝ નાગરિકતા મેળવવા

# મૃતકની ઓળખ ચોરી કરીને વિઝા એપ્લાય કરનાર ઝડપાયો

અમદાવાદ, તા.૨૦

વિદેશમાં સ્થાયી થવા માટે કે પછી કોઈપણ ગેરકાયદે કામ કરવા અનેક લોકો આઈડેન્ટિટી થેફ્ટનો ઉપયોગ કરે છે. આ જ પ્રકારનો એક કિસ્સો શહેરની ફોરેન રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસમાં સામે આવ્યો છે. એક યુવકે ભારતીય વિઝા લેવા તેમજ પોર્ટુગલની નાગરિકતા મેળવવા મૃત માસીયાઈ ભાઈની ઓળખ ચોરી હતી. યુવકે માસીયાઈ ભાઈના નામે બોગસ ડોક્યુમેન્ટ બનાવીને મુંબઈ પાસપોર્ટ ઓફિસથી ભારતીય પાસપોર્ટ કઢાવ્યો હતો. બાદમાં એમ્બેસીમાં પોર્ટુગીઝ નાગરિક તરીકે દરજ્જો લઈને ભારતીય પાસપોર્ટ રદ કરાવીને ભારતીય વિઝા લેવા માટે એપ્લિકેશન કરી હતી. જે બાદ હકીકત સામે આવતા આ મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. નવરંગપુરા હુડકો ભવન ખાતે આવેલી ફોરેન રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસમાં ઈમિગ્રેશન ઓફિસર તરીકે ઈશીતા ઠક્કર ફરજ બજાવે છે. ૭ જાન્યુઆરીએ મયુર ટંડેલ નામના વ્યક્તિની ભારતીય વિઝા મેળવવા માટે પોર્ટલ ઉપર અરજી આવી હતી. વલસાડના મયુર ટંડેલ ગત તા.૧૮મીએ કચેરીએ વિઝા માટે આવ્યા હતા. કચેરી તરફથી મયુરને ભારતીય પાસપોર્ટ કેન્સલ કરવા માટેના ડોક્યુમેન્ટ રજૂ કરવાનું કહેતા સંતોષકારક જવાબ આપ્યો નહોતો. જેથી સિનિયર અધિકારી પાસે વાત જતા મયુરની પૂછપરછ કરાઈ હતી. પૂછપરછમાં મયુર ભાંગી પડ્યો હતો અને તેનું સાચું નામ કરણ જયંતિ ટંડેલ છે અને તે દમણ ખાતે રહેતો હોવાનું સામે આવ્યું હતું. તેના ડ્રાઈવિંગ લાઈસન્સ, આધારકાર્ડની નકલમાં પણ કરણ નામ હતું. વધુમાં તેણે કબૂલાત કરી કે તેણે અગાઉ કરણના નામે ભારતીય પાસપોર્ટ કઢાવ્યો હતો. જે ભારતીય પાસપોર્ટ એક્સપાયર થઈ ગયો હતો. કરણે કબૂલાત કરી હતી કે તેને પોર્ટુગલ પાસપોર્ટ મેળવવો હોવાથી મૃત માસીયાઈ ભાઈ મયુરનું નામ ધારણ કરીને પોર્ટુગીઝ પાસપોર્ટ કઢાવવા માટેનો પ્લાન બનાવ્યો હતો. આરોપીએ ખોટા ડોક્યુમેન્ટ બનાવીને મુંબઈ પાસપોર્ટ ઓફિસથી મયુર રમેશ ટંડેલના નામનો પાસપોર્ટ મેળવ્યો હતો. ભારતીય પાસપોર્ટ ઈસ્યુ થયા બાદ તેણે પોર્ટુગીઝ પાસપોર્ટ ઈશ્યુ કરવા માટે અરજી કરી હતી અને બાદમાં ભારતીય વિઝા લેવા માટે ઈ-એફઆરઆરઓ અરજી કરી હતી. જેથી આ મામલે ગુજરાત યુનિ. પોલીસે કરણ જયંતિ ટંડેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મનપાને લગતી સેવાઓ અંગેની ફરિયાદો ૧લી એપ્રિલથી ૧૫૫૩૦૪ પરથી જ નોંધાવી શકાશે




રાજકોટ, તા.૨૦

હાલમાં રાજકોટ મનપા દ્વારા મનપાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮ થી અમીન માર્ગ ખાતે ૨૪×૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. આ માટે મનપા દ્વારા લેન્ડલાઈન નં.૦૨૮૧-૨૪૫૦૦૭૭ કે જેમાં ૫ હન્ટીંગ લાઈન સામેલ છે. તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરના નાગરિકો ફોન દ્વારા તેઓની મનપાની સેવાઓ અંગે ફરિયાદો નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે.

આ ઉપરાંત હાલની કોલ સેન્ટરની સેવાઓને મનપાના પોતાના ડાર્ક ફાયબર દ્વારા મનપાના સેન્ટ્રલ ઝોન સર્વર સાથે કનેકટ કરવામાં આવેલ છે. આથી લોકોને મનપાની સેવાઓ અંગેની પોતાની ફરિયાદો નોંધાવવામાં સરળતા રહેશે. આ ઉપરાંત મનપાની વેબસાઈટ, મોબાઈલ એપ તેમજ વોટ્સએપ ચેટબોટ દ્વારા પણ લોકો પોતાની ફરીયાદો નોંધાવી શકે છે.

# દ્વારકાના દરીયામાં સંશોધન કાર્યના શ્રીગણેશ



(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૦

આર્કોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયાના પાંચ જેટલા પુરાતત્વવિદોની ટીમ દ્વારા દ્વારકા સાગરકાઠે પાણીમાં સંશોધન કામ શરૂ કરવામાં આવ્યું છે. સાગરમાં ગરક થયેલ સાંસ્કૃતિક વારસાને સુરક્ષીત બનાવવા અગત્યના મીશનના ભાગ રૂપે મહિલા સહિત પાંચ સભ્યોની ટીમ દ્વારા સંશોધન કાર્યની શરૂઆત થઈ ચુકેલી છે. પુરાતત્વ વિભાગની નવીનિકૃત અન્ડરવોટર આર્કિયોલોજી વિંગ દ્વારા એડીજી પ્રોફેસર આલોક ત્રીપાઠીની આગેવાનીમાં આ સંશોધન કાર્યની શરૂઆત થઈ છે. અત્રે યાદ અપાવીએ કે પ્રથમ વખત એ.એસ.આઈ. દ્વારા નોંધપાત્ર મહિલા સભ્યોએ આ કાર્યમાં ભાગ લીધો છે. થોડા સમય પૂર્વે વડાપ્રધાને દ્વારકાની મુલાકાત લીધી હતી અને સમુદ્રમાં ડુબેલી દ્વારકાના સ્થળે સ્કુબા ડ્રાઈવીંગથી પહોંચ્યા પછી પૌરાણીક દ્વારકાના તટની પૂજા તથા મોરપીંછ અર્પણ કરેલ હતુ અને વિશ્વને દ્વારકાનો સાંસ્કૃતિક વારસો નજરે જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવાની જાહેરાત કરી હતી.

# કલ્યાણપુરના ભોગાતનો યુવાન કેન્સર પર કરશે સંશોધન



(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૦

દેવભૂમી દ્વારકા જીલ્લાના કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે રહેતો યુવાન કેન્સર પર પીએચડી કરશે. ભોગાત ગામના વતની કંડોરીયા દેવાતભાઈ ભીમા કેન્સર પર પીએચડી કરવા જઈ રહયા છે. તેમની પસંદગી વિશ્વની શ્રેષ્ઠ સો યુનિવર્સિટીમાં સામેલ આયર્લેન્ડની કોલેજ કોર્ડમાં થઈ છે.

# ઉપલેટા પોસ્ટ ઓફિસના હાલ સસ્પેન્ડેડ કર્મચારીએ ખાતાધારકોના રૂપિયાની ઉચાપત કરી



(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા તા.૨૦:

ઉપલેટા પોસ્ટ ઓફીસમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા અને હાલના સસ્પેન્ડેડ કર્મચારી દ્વારા પોસ્ટ ઓફીસમાં ખાતા ધારકોના કોમ્પ્યુટર સીસ્ટમમાં ખાતા ખોલી તેમાં પોસ્ટ વિભાગના પડેલ સરકારી નાણા ખાતાઓમાં જમા કરી પૈસા ઉપાડવાની પહોંચમાં ખાતા ધારકોની ડુબ્લીકેટ સહીઓ કરી બનાવટી દસ્તાવેજ ઉભા કરી ખરા તરીકે ઉપયોગ રૂ. ૧,૬૪,૫૦૦/- રોકડ રકમની ઉચાપત કરી પોતાના ઉપયોગમા લઇ છેતરપીડી વિશ્વાસઘાસ કરતા ગુન્હો કર્યા બાબતમાં ધોરાજી સબ ડીવીઝનલ ઇન્સ્પેક્ટર, પોસ્ટના કાસમ અલીભાઈ થારીયાણીએ મુળ વરજાંગ જાળીયા ગામના અને હાલ ઉપલેટા રહેતા બળદેવ મનોજભાઈ ગામોટ સામે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં આ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ઉપલેટા પોલીસે આઈ.પી.સી. કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ પોલીસ ફરિયાદ નોંધ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે જેમાં આ અંગેની તપાસ ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.પી. ભટ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ઉપલેટા પોસ્ટ ઓફિસના કર્મચારી બળદેવ ગામોટ દ્વારા બે અલગ-અલગ વ્યક્તિઓના ખાતામાંથી આ રૂપિયાની ઉચાપત કરી હોવાની બાબતની તપાસ ચાલી રહી હતી જેમાં ગોંડલ પોસ્ટ ડિવિઝનના સુપ્રિટેન્ડન્ટ આદેશ અનુસાર ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે જેમાં આ ઉચાપત થયેલી બાબતમાં તપાસ ચલાવવામાં આવી રહી હતી અને તપાસની અંદર ઉચાપત કરવામાં આવી હોવાની બાબતમાં બળદેવ મનોજભાઈ ગામોટ આ પ્રકરણમા માર્ચ ૨૦૨૪ બાદ સસ્પેન્ડ પણ કરી દેવાયેલ છે જે બાદ તપાસમાં ઉચાપત સામે આવતા સમગ્ર મામલે હાલ પોલીસ ફરિયાદ નોંધાય છે ત્યારે ખાતાધારકોમાં પોસ્ટ પ્રત્યેના ભરોસામાં અવિશ્વાસ ઉભો થયો હોવાનું પણ સામે આવ્યું છે.

# રોહિત શર્મા ટોસ હારતા જ ટીમ ઈન્ડિયા અનિચ્છનીય રેકોર્ડનો ભાગ બની ગઈ

નવીદિલ્હી,તા.૨૦

ભારતીય ટીમ દુબઈના મેદાન પર રમાઈ રહેલી ગ્રુપ એની બીજી મેચમાં બાંગ્લાદેશ સામે પોતાના અભિયાનની શરૂઆત કરી છે. આ મેચમાં બાંગ્લાદેશ ટીમના કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.જોકે આ મેચમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ટોસ હારતા જ ભારતીય ટીમે ખાસ યાદીમાં નેધરલેન્ડ્સની બરાબરી કરી લીધી.આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં, કોઈ પણ ટીમ સતત મેચોમાં ટોસ હારવાનું ખૂબ જ દુર્લભ છે. વનડેમાં આ રેકોર્ડ હાલમાં નેધરલેન્ડ ટીમના નામે છે, જેની બરાબરી હવે ભારતીય ટીમે કરી લીધી છે. કેપ્ટન રોહિત શર્મા બાંગ્લાદેશ સામે ટોસ હાર્યાની સાથે જ, ૨૦૨૩ વનડે વર્લ્ડ કપ પછી આ સતત ૧૧મી વનડે મેચ હતી જેમાં ભારતીય ટીમ ટોસ જીતી શકી ન હતી. આ પહેલા, નેધરલેન્ડ્સની ટીમ માર્ચ ૨૦૧૧ થી ઓગસ્ટ ૨૦૧૩ દરમિયાન વનડેમાં સતત ૧૧ ટોસ હારી ગઈ હતી.

# રાજકોટ મનપા દ્વારા ૫૦ જેટલા ગેરકાયદે બાંધકામ હટાવાયા

## વોર્ડ નં.૩ માં ૧૫ કરોડની જમીન ખૂલ્લી કરાવાઈ

રાજકોટ, તા.૨૦

મ્યુનિ.નાયબ કમિશ્નર એચ.આર.પટેલની સૂચના અનુસાર તથા એડી.સીટી એન્જીનીયર એ.એ.રાવલના માર્ગદર્શન હેઠળ રાજકોટ મનપાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૈકી વોર્ડ નં.૩ માં જામનગર રોડ પર, ક્રાઈમ બ્રાંચ કચેરીની સામે રાજકોટના રે.સ.નં.૬૨૬/પૈકીની સરકારી ખરાબાની રાજકોટ મનપાને પ્રાપ્ત થયેલ જમીનમાં અંદાજે ૫૦ જેટલા રહેણાંક તથા બિનરહેણાંક ગેરકાયદેસર બાંધકામ દૂર કરી અંદાજે ૧૫ કરોડની કિંમતની ૩૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવેલ છે.

આ કામગીરીમાં ટાઉન પ્લાનીંગ શાખાના સેન્ટ્રલ ઝોનનો તમામ સ્ટાફ તેમજ દબાણ હટાવ શાખા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ શાખા અને રોશની શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન સ્થાનિકે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહેલ.

# ખંભાળીયાના ભરાણામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો

(વિજય ધ્રુણા દ્વારા)

મીઠાપુર, તા.૨૦

દેવભૂમી દ્વારકા જીલ્લાના ખંભાળીયા તાલુકાના ભરાણા ગામે થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો છે. ખંભાળીયા તાલુકાના ભરાણા ગામેથી એક આસામી લગ્નપ્રસંગમાં ગયા હતા ત્યારે કોઈ તસ્કરોએ તેના ઘરમાં પ્રવેશીને રોકડ સહીતના મુદામાલની ચોરી કરી હતી. આ અંગે વાડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ થઈ હતી. દરમ્યાન પોલીસે બાતમી આધારે આ કાંડમાં સંડોવાયેલા હમીદ ઉર્ફે અમુ



હારૂન એલીયાસ સંઘારને પોલીસે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં વાડીનાર ગામે રહેતો ફીરીયો અનવર નામનો શખ્સ ફરાર થયો છે જે અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના મિકેનિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા જોબફેરનું આયોજન

## અભ્યાસ દરમ્યાન જ ૨૧ વિદ્યાર્થીઓને એકસાથે પ્લેસમેન્ટ

રાજકોટ તા.૨૦:

સૌરાષ્ટ્રની સૌ પ્રથમ સેલ્ફ ફાયનાન્સ એન્જીનીયરીંગ કોલેજ એવી રાજકોટ સ્થિત ''વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ'' ના મિકેનિકલ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ''ભવ્ય જોબ ફેર'' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ જોબ ફેરમાં એકસાથે ૨૧ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે. ઉલ્લેખનીય છે કે હજુ તો આ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે અને તેઓને અભ્યાસ દરમિયાન જ પગાર સાથે ઈન્ટર્નશીપ પ્રાપ્ત થઈ છે. દર વર્ષની પરંપરા મુજબ આજરોજ અગ્રગણ્ય કંપનીઓ વિદ્યાર્થીઓની પસંદગી કરવા કેમ્પસ ખાતે રૂબરૂ પધારેલ હતી. આ કંપનીઓમાં જયોતી સીએનસી ઓટોમેશન, રાજુ એન્જીનીયર્સ લી., એચ.જે.ઈન્ડસ્ટ્રીઝ લી., જીએમ ફ્લોલાઈન, જી અને અલ્ટેક જેવી કંપનીઓ મીકેનીકલ એન્જીનીયર ની પસંદગી કરવા માટે ''જોબ ફેર'' માં ઉપસ્થિત રહેલ હતી. જેમાં જ્યોતિ સીએનસી ઓટોમેશન માંથી શ્રી પી.ડી.જાડેજા સર તથા શ્રી યશભાઈ ડેલીવાળા, એચ.જે.ઈન્ડસ્ટ્રીઝમાં થી શ્રી મનીષભાઈ વીરડીયા(એડિશનલ જનરલ મેનેજર), દીપકભાઈ, શ્રી કંદર્પભાઈ દવે, શ્રી આશિષભાઈ માનસતા,

શ્રી નવીનધર, રાજુ એન્જીનીયર્સમાંથી શ્રી મિતેષભાઈ પરમાર(સીનીયર એચઆર એક્ઝીક્યુટીવ) તથા સુશ્રી. રીધ્ધીબેન દવે, જી.એન.અલ્ટેકમાંથી શ્રી મેહુલભાઈ ગરાળા તથા શ્રી કમલભાઈ વાછાણી તથા જીએમ ફ્લોલાઈનમાંથી શ્રી કલ્પેશભાઈ સુરાણી, શ્રી રવિભાઈ ઢોલરીયા, શ્રી સાગરભાઈ મચ્છર ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં મીકેનીકલ ક્ષેત્રે ઈજનેરોની ખૂબ જ ડિમાન્ડ હોય કંપનીઓને જરૂરી પ્રમાણમાં મીકેનીકલ ઈજનેરો મળતા નથી. કંપનીઓને જરૂરીયાત ના પ્રમાણમાં ઈજનેરો પ્રાપ્ત ન હોય, વિદ્યાર્થીઓને શરૂઆતી પગાર ધોરણ પણ ખૂબ સારું મળી રહયું છે. આજના આ જોબ ફેરમાં કુલ ૨૧ વિદ્યાર્થીઓને નોકરી પ્રાપ્ત થયેલ છે.

મીકેનીકલ વિભાગ દર વર્ષે વિદ્યાર્થીઓનું સર્વે દ્વારા પ્લેસમેન્ટ, ઉચ્ચ અભ્યાસ, સ્વરોજગાર, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી એમ વર્ગીકરણ કરી, જરૂરી આયામો માટે માર્ગદર્શન આપે છે.

મીકેનીકલ એન્જીનીયરીંગના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને સારામાં સારૂ શિક્ષણ અને અભ્યાસ પૂર્ણ થયે સારામાં સારૂ પ્લેસમેન્ટ મળી રહે તે માટે મીકેનીકલ ડિપાર્ટમેન્ટ હંમેશા કટીબધ્ધ તથા પ્રયત્નશીલ છે. ડીપાર્ટમેન્ટ દ્વારા ૧૦૦% પ્લેસમેન્ટનો ટારગેટ જ નહીં પરંતુ વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરીને જાય ત્યારે તેની પસંદગીની લાઈનમાં નોકરી મળે તે માટે એકથી વધુ કંપનીમાં વિદ્યાર્થીને પસંદગી મળી રહે તે માટે પ્લેસમેન્ટનો આંકડો પાર કરવા હંમેશા ''ટીમ મીકેનીકલ'' મહેનત તથા પ્રયત્નો કરે છે, અને સફળ પણ થાય છે. આ જોબ ફેર ને સફળ બનાવવા મીકેનીકલ વિભાગના વડા ડો. નિરવ પી. મણીયારના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કમિટીના સભ્યો પ્રો. સકેત પંડયા, ડો. જીતેન માકડીયા, શ્રી સમીરભાઈ કનૈયા તથા સમગ્ર કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવેલ હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા યોજાશે

રાજકોટ તા.૨૦:

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે ઉત્પલ એસ. જોશીના અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા ગુરૂવાર, તા. ૨૭/૦૨/૨૦૨૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ગુજરાતી ભવનનાં સેમિનાર હોલમાં મળશે. આ પ્રસંગે શ્રી રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ.ના અધ્યક્ષ અને પત્રકાર નરેન્દ્રસિંહ જાડેજા મુખ્ય મેહમાન પદે ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભામાં સભાસદોને આપવામાં આવતી મહત્તમ ૩૦ લાખની લોનની મર્યાદા વધારીને મહત્તમ લોન ૬૦ લાખની કરવા તેમજ ફરજિયાત બચતની રકમમાં વધારો કરવા સહિતના નિર્યણ લેવામાં આવશે.

ગુરૂવાર, તા. ૨૭-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા યોજાશે. સાથોસાથ આ જ યુનિવર્સિટીના એલ્યુમનાઈ અને ફીઝીકસ ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રોફે. ઉત્પલ એસ. જોશીનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રીના પદ પર નિયુક્ત થવા બદલ ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવશે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રો. જે. એ. ભાલોડિયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો - પ્રો. સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી અને ડો.ભરતભાઈ ખેર જહેમત ઉઠાવી રહ્યા છે.

# પવિત્ર મહાશિવરાત્રી પર્વ અનુસંધાને સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ સરિતાને સ્વચ્છ કરવા ચક્રો ગતિમાન

## નદીમાં પથરાયેલી વિશાળ જળકુંભી વેલ ચાદર-કચરો સાફ કરવા અમદાવાદથી ખાસ મશીનો લગાવાયા

(ભાસ્કર વૈધ દ્વારા)

પ્રભાસ-પાટણ, તા.૨૦

ભારતના બાર જ્યોર્તિલિંગમાં પ્રથમ સોમનાથ મહાદેવ મંદિરે આગામી મહાશિવરાત્રી અનુલક્ષી સોમનાથ તીર્થના પવિત્ર ત્રિવેણી સંગમને જબ્બર સફાઈ કરવા સોમનાથ ટ્રસ્ટ અને જીલ્લા તંત્ર કાર્યરત થયુ છે. રાજ્યમાં આવેલુ પવિત્ર સોમનાથ યાત્રાધામ ત્રણ પવિત્ર નદીઓ કપિલા, હિરણ અને સરસ્વતી સંગમ પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છે. સોમનાથ ખાતે મહાશિવરાત્રી નિમીતે તા.૨૪ થી ૨૬ ફેબ્રુઆરી અલૌકિક સોમનાથ મહોત્સવ યોજાઈ રહ્યો છે. જેના ભાગરૂપે ત્રણે દિવસ અહીં આરતી યોજાશે. જેમાં ૧૦૮ દીવડા પ્રજ્જવલિત કરાશે. ત્રિવેણી નદીને સાફ કરવા ખાસ અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે કાર્યરત રહેતી સ્ટીમર બોટ લાવવામાં આવી છે. જે આઠથી દસ દિવસ સુધી નદીમાંનો કચરો સવારના ૭ થી રાત્રીના ૧૧ સુધી એકઠો કરી નદી સફાઈ કરી રહી છે.

# જામનગરના બ્રાસના વેપારી સાથે ભાગીદારીમાં ધંધો કરવાનું કહીને ભાવનગરના શખ્સ દ્વારા ચીટીંગ


(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૦:

જામનગરના બ્રાસપાટના એક વેપારી કે જેઓ ભાગીદારીમાં ધંધો કરવાના બહાને ભાવનગરના એક શખ્સની છેતરપિંડી નો શિકાર બન્યા છે, અને જીએસટી વાળી પેઢીના એકાઉન્ટનો દૂર ઉપયોગ કરી ૩૭ કરોડના વ્યવહાર કરી નાખી વેપારી સાથે છેતરપિંડી કરવા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. જામનગરમાં કૈલાશ નગર વિસ્તારમાં દ્વારકેશ એપાર્ટમેન્ટમાં રહેતા મીત રસિકભાઈ ગડારા નામના વેપારીએ પોતાની સાથે ભાગીદારીમાં ધંધો કરવાના બહાને પોતાના જીએસટી નંબર અને બેન્ક એકાઉન્ટ વગેરે મેળવી લઈ ૩૭ કરોડના બેનામી વ્યવહાર કરી નાખી પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે ફરિયાદ મૂળ જામનગર ના નૂરી ચોકડી વિસ્તારના રહેવાસી અને હાલ ભાવનગર રહેતા હનીફ શૈખ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી મિત રસિકભાઈએ પોતાની બ્રાસ ની પેઢી બનાવી હતી, અને ધંધો કરતા હતા. પરંતુ તેઓએ કામ બંધ કરી દીધું હતું, અને છેલ્લા કેટલાક સમયથી તેઓની પેઢી માં કોઈ વ્યવહાર થયા ન હતા. દરમિયાન આરોપી હનીફ શેખ તેના સંપર્કમાં આવ્યો હતો, અને ભાગીદારીમાં ધંધો કરવાની વાત કરતાં મિત પટેલે પોતાના બેંક એકાઉન્ટ અને જીએસટી નંબર સહિતના કાગળો અને ચેક જી.એસ.ટી. ના ડોક્યુમેન્ટ આપ્યા હતા, અને પોતે જામનગર થી ભાવનગર રહેવા ચાલ્યો ગયો હતો. જેની સાથે ટેલિફોનિક વાત ચિત કરતાં હાલ મંદી છે, એટલે થોડા સમય પછી ધંધો શરૂ કરશે તેમ કહી સમય કાઢયે રાખ્યો હતો. ત્યારબાદ તેણે મીતભાઈ ના ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા, તેમ જ પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી નાખ્યો હતો. જેથી ફરિયાદી યુવાનને શંકા જતાં તેણે પોતાના ખાતાનું બેન્ક એકાઉન્ટ તપાસ્યું હતું, જે તપાસણી દરમિયાન તેના ખાતામાંથી ૩૭ કરોડના બેનામી વ્યવહારો થયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.આથી મામલો પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને હનીફ શૈખ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઇ છે. જેને પી.આઇ. વી.જે. રાઠોડ શોધી રહ્યા છે.

# દીવ જીલ્લા કોંગ્રેસ પ્રમુખની ધરપકડ

## કોર્ટમાં રજુ કરાતા સોમવાર સુધીની પોલીસ કસ્ટડી



દીવ, તા.૨૦

દીવમાં વિવેક ફિશરીઝ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડના ચેરમેન ઉમેશ રામા બામણીયા દ્વારા ફ્રોડ, અનઓથોરાઈઝ કેસ વિડ્રોલનો મીસયુસ અને છેતરપીંડી કરવા બાબતે દીવ સરકારના ઉચ્ચ અધિકારી દ્વારા એસ.પી. હેડ ક્વાર્ટરમાં રિપોર્ટ કરાતા વિવિધ કલમો સાથે તા.૧૯ ફેબ્રુઆરી રાત્રીના દીવ પોલીસે ઉમેશભાઈ રામાની ધરપકડ કરી અને વણાંકબારા કોસ્ટલ પોલીસમાં રાખેલ. આજે બપોરે ઉમેશભાઈ રામાને નામદાર કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે સોમવાર ૨૪ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં રાખવા હુકમ કરેલ છે. હવે પોલીસની તપાસ અને પુછપરછ બાદ શું કાર્યવાહી થશે તેનો લોકોને ઈંતજાર રહેશે.

# મોરબીમાં માનસિક બીમારીથી કંટાળી મહિલાએ પાંચમાં માળેથી પડતું મૂકી આપઘાત કર્યો

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૦:

પંચાસર રોડ પર રહેતી ૪૫ વર્ષીય મહિલાએ પાંચમાં માળેથી પડતું મૂકી આપઘાત કરી લેતા માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા મહિલાનું મોત થયું હતું જે બનાવ મામલે પોલીસે તપાસ ચલાવી છે

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ પંચાસર રોડ પર ઉમા ટાવરના પાંચમાં માળે રહેતા ઉર્મિલાબેન નીતિનભાઈ અઘારા (ઉ.વ.૪૫) નામની મહિલાએ ગત તા. ૧૯ ના રોજ ફ્લેટના પાંચમાં માળે ધાબા પરથી નીચે પડતું મુક્યું હતું જેથી મહિલાને માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું બનાવ અંગે એ ડીવીઝન પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૃતક ઉર્મિલાબેન માનસિક બીમારીથી પીડાતા હતા અને બીમારીથી કંટાળી અંતિમ પગલું ભરી લીધાનું ખુલ્યું છે પોલીસે આપઘાતના બનાવની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

### બોલાચાલીનો ખાર રાખી છરી વડે હુમલો

પ્રસંગમાં થયેલ બોલાચાલીનો ખાર રાખી એક ઇસમેં યુવાનને છરી વડે છાતીના ભાગે ઘા ઝીકી ગંભીર ઈજા પહોંચાડી હતી જે બનાવ મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

રાજકોટ વૃંદાવન પાર્કમાં રહેતા જયપાલસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા નામના યુવાને આરોપી કરણ હસુભાઈ લોધા રહે વેલનાથપરા વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે ફરિયાદી અને આરોપીને ગત તા. ૧૮ ના રોજ રાત્રીના આઠેક વાગ્યે પ્રસંગમાં બોલાચાલી થઇ હતી જેનો ખાર રાખી રાત્રીના સવા અગિયાર વાગ્યે આરોગ્યનગરના નાલા પાસે આરોપી કરણ છરી લઈને આવી જયપાલસિંહ ઝાલાને છાતીના ભાગે એક ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી વાંકાનેર સીટી પોલીસે ફરિયાદ નોંધી તપાસ ચલાવી છે

# કોટડાસાંગાણીના સોળીયા ગામે મકાનમાં આગ લાગતાં રૂપિયા ૮૫ હજારની ઘરવખરી ખાખ



(સલીમ પતાણી દ્વારા)

કોટડાસાંગાણી તા.૨૦:

કોટડાસાંગાણી ના સોળીયા ગામે મંજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા અને મકાન થોરાક સમય પેહલા બનાવેલ પૈસા ઉછીના ઉધાર કરીને મકાન બનાવવામાં આવેલ હજી મકાનમાં પ્લાસ્ટર પણ બાકી છે અને એક એવી કહેવત છે કે પૈડા ઉપર પાટું જેવી કહેવત છે કે પોતાનું ઘરનું ગુજરાન મજૂરી કરીને પોતાનું માન માન ચલાવવતા હતાં અને આવે છે જેમાં અંધારી આફતો આવી ફળે છે જેમાં પોતાના કુટુંબિક લગ્ન પ્રસંગમાં ગામમાં ગયેલ હતા અને પાછળથી મકાનમાં શોર્ટ સોર્ટ સર્કિટ ના કારણે મકાનમાં ઘણી મોટી બધી નુકસાની થયાનો અહેવાલ પ્રાપ્ત થયેલ જેમાં ફ્રીજ ટીવી પંખો અને પ્લાસ્ટિકના ટીપળામાં ઘરવખરીનો સામાન પણ બરીને ખાસ થયેલ અને કપાસ ૧૫ પદર મણ જેવો કપા બરી ગયેલ પણ બરીને ખાખ થયેલ જેમાં સવીતા બેન ખોરા ભાઈ જીજરીયા વિધવા બેન છે અને તેમના બે પુત્ર અને કુલ ઘરનાર ૭ સભ્ય નું મજૂરી કરી ને પોતાનું ગુજરાન માન માન ચલાવી રહેલ હતા એમાં પણ મકાનમાં આગ લાગતાં ઘરવખરીનો સામાન પણ આગમાં મરી ગયેલ અને ખાવા માટેની વસ્તુ પણ બરી ગયેલ પંખો એક ફ્રીજ ટીવી એક સેટી પલંગ એક પ્લાસ્ટિકનું ટીપું એક કપાસની ભારી ૫ અને ઘરવખરી નો સામાન રૂમના બે દરવાજા કુલ રૂપિયા ૮૫, હજારનો સામાન બરીને ખાસ થયેલ આવા ગરીબ પરિવારને સરકાર તરફથી સાઈ મળે અને તંત્ર દ્વારા આ ગરીબ પરિવારને મદદ કરે તો આ ગરીબ પરિવાર ફરીથી બેઠો થઈ શકે હાલમાં ખાવાની વસ્તુમાં પણ ભારે મુશ્કેલી પરિવાર વેઠવી રહ્યો છે આવા ગરીબ પરિવારને સરકાર તરફથી અને તંત્ર તરફથી કોઈ મદદ મળે તો ઘણી બધી પરિસ્થિતિમાં થી બહાર નીકળી શકેછે શું આવા ગરીબ પરિવારોની તંત્ર દ્વારા મદદ કરશે કે કે ? નહીં કેવું પણ ગામમાં ચર્ચા રહ્યું છે

# અવસાન નોંધઃ

મોરબીઃ મોરબી લજાઈ વાળા હાલ મોરબી નિવાસી મોઢ વણિક વર્ષાબેન જગદીશભાઈ પારેખ (ઉ.વ.૭૨) તે જગદીશભાઈ અંબાવીદાસ પારેખના ધર્મપત્ની તથા ભાવેશભાઈ, હિમાંશુભાઈ, પરેશભાઈ અને રક્ષાબેન અંકિતકુમાર (ચુડા) ના માતૃશ્રી તથા બ્રિજેશ, શ્રેયા, યુગના દાદીમાં તા. ૧૮ ના રોજ દુખદ અવસાન થયું છે બેસણું તા. ૨૨ ને શનિવારે સાંજે ૪ થી ૬ કલાકે યોગેશ્વર મહાદેવ મંદિર, રીલીફનગર, લાલબાગ પાછળ સામાકાઠે મોરબી ૨ ખાતે રાખેલ છે

# સરધાર ગામે સ્વામિનારાયણ મંદિરના સેવક પર કાકા-ભત્રીજાનો હુમલો

## જેસીબીમાં લોખંડનો પાઈપ ઝીંકી કાચ ફોડી નાખ્યા

રાજકોટ :શહેરની ભાગોળે આવેલ સરધાર ગામના સેવક પર કાકા-ભત્રીજાએ લોખંડના પાઇપ વડે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. કાકા-ભત્રીજાએ હુમલો કરતા સેવકને ઈજાઓ પહોંચી હતી. ઉપરાંત બંને હુમલાખોરોએ જેસીબીમાં લોખંડનો પાઇપ ઝીંકી રૂ. ૬૦ હજારનું નુકસાન સર્જતા મામલામાં આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

સરધાર ગામે રહેતા મહિપતભાઈ પુનાભાઈ બલદાણીયા (ઉ.વ.૨૬) યુવકે આજીડેમ પોલીસમાં નોંધાવેલી હતી. સરધાર ગામ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સેવક તરીકે કામ કરે છે. જે.સી.બી. ડ્રાઈવર સુરેશભાઈ સરધાર ગામ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ટ્રસ્ટની ખુલી જગ્યા સાફ સફાઈ કરતા હતા. ત્યારે સરધાર ગામ ખાતે રહેતો બીપીન મકવાણા તથા તેનો ભત્રીજો નરેશ મકવાણા ત્યાં આવેલ હતા. ત્યારે બિપીનના હાથમાં લોખંડનો પાઈપ હતો. તેનાથી તેણે જે.સી.બી. નંબર જીજે-૦૩-એચઇ-૨૩૧૬ પર જેમ ફાવે તેમ લોખંડના પાઈપથી ઘા મારવા લાગેલ હતો. જેના લીધે જેસીબીના બંને સાઈડના બારીના કાચ ફૂટી ગયાં હતા. મારી પાસે આવી મને પણ કાંઈ કહ્યા વગર લોખંડના પાઇપથી માર માર્યો હતો

## હું સારો પુત્ર, ભાઈ, મિત્ર ન બની શક્યો, મને માફ કરી દેજો....

# વઢવાણના યુવાને વિડીયો બનાવી ધોળીધજા ડેમમાં પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

## આપઘાત પૂર્વે બનાવેલા વિડીયોમાં પોતે જિંદગીથી થાકી ગયો છે

સુરેન્દ્રનગર

હું સારો પુત્ર, ભાઈ, મિત્ર ન બની શક્યો, મને માફ કરી દેજો.... તેવો વિડીયો બનાવ્યા બાદ સુરેન્દ્રનગરના વઢવાણ ૮૦ ફૂટ રોડ પર રહેતા પ્રફુલ ચાવડા નામના યુવકે ધોળીધજા ડેમમાં પડતું મૂકી મોત વ્હાલું કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. વિડીયો પોતે જિંદગીથી થાકી ગયાનું યુવકે જણાવ્યું હતું.

ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર સુરેન્દ્રનગરના વઢવાણ ૮૦ ફૂટ રોડ પર આવેલ હરિપાર્કમાં રહેતા યુવક પ્રફુલ ચાવડાએ આપઘાત કરી લીધો છે. યુવકે ધોળીધજા ડેમમાં પડતું મૂકી મોત વહાલું કર્યાનો બનાવ સામે આવ્યો છે. યુવક પ્રફુલભાઈ ચાવડાએ આત્મહત્યા કરતા પહેલા વિડિયો બનાવી સોશિયલ મીડિયામાં મૂકી પરિવારજનોને જાણ કરી હતી.જીવનથી કંટાળી અને થાકી મનોબળ તૂટી જવાથી આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનો વીડિયોમાં ઉલ્લેખ કર્યો છે.

યુવકે બનાવેલા વિડીયોમાં જણાવ્યું હતું કે, હું સારો પુત્રઝ ભાઈ, મિત્ર બની શક્યો નહીં. નોકરી પણ કરતો ન હતો. બધાને ખુબ હેરાન કર્યા છે પણ હું એવુ કરતા માંગતો ન હતો. પ્લીઝ મને સમજજો, હું થાકી ગયો છું, અંદરથી ખુબ તકલીફમાં છું, મને માફ કરી દેજો. બહેન, ગીરીશભાઈ, રાહુલભાઈ તમે પ્લીસ મમ્મીને સાચવજો. મારી અંતિમ ઈચ્છા એવી છેકે, મારા મોત બાદ પોલીસમાં કંઈ સામે આવે અને તમે લોકો દુ:ખી થાવ એવુ કરતા નહિ. મને માફ કરી દેજો પ્લીઝ... આ શબ્દો કહી યુવકે ધોળીધજા ડેમમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. હાલ મૃતક યુવકની લાશને સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી છે. યુવકના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

# મહાશિવરાત્રીના મેળામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

જૂનાગઢ તા.૨૦:જૂનાગઢના ભવનાથમાં યોજાતા મહાશિવરાત્રીના મેળામાં જિલ્લા વહીવટી તંત્રના સાંસ્કૃતિક કાર્યક્રમ એક આગવી ઓળખ ધરાવે છે. અહીં આ વખતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્થાનિક કલાકારોને અગ્રતા અપાતા જાણીતા કલાકારોની સાથે સ્થાનિક કલાકારોની ટીમને પણ સ્ટેજ મળશે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું સ્થળ જે અગાઉના વર્ષોમાં સાંસ્કૃતિક કાર્યક્રમનો સ્થાયી મંચ ભવનાથ મંદિરથી આગળ ઝોનલ ઓફિસ પાસે છે તે આ વખતે રહેશે. તા. ૨૨ થી ૨૫ ફેબ્રુઆરી સુધી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થશે.

# વિઝન વિકસિત ગુજરાતનું મિશન જનકલ્યાણનું



વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ
## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**

જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઈ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઇ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે. સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે."

**શ્રી કનુભાઈ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**